| | |
|---|---|
| નોંધ્યા તારીખ | : ૦૩–૦૬–૨૦૨૪ |
| ફેંસલ તારીખ | : ૨૨–૦૫–૨૦૨૬ |
| સમયગાળો | : <u>વર્ષ</u> <u>માસ</u> <u>દિવસ</u> |
| | ૦૧ ૧૧ ૧૯ |

सत्यमेव जयते

---

**આણંદના મહે. ચોથા એડીશ્નલ સેશન્સ જજ સાહેબ (શ્રી આર.વી.ચાવડા) સાહેબની કોર્ટમાં, આણંદ**

---

**સેશન્સ કેસ નં. ૩૭/૨૦૨૪**
**આંક:–**

**ફરીયાદી : શ્રી સરકાર**

**વિરુધ્ધ**

**આરોપી :** ૧ **શોએબ ઉર્ફે સલમાન યુનુશ સૌકતઅલી શેખ(સીદ્દીકી), ઉ.વ.૨૦,** મુળ રહે. ઘર નં.૧૭૮, રટૌલ–૪, પોસ્ટ ભગોટ, તા.ભારૂત, જી.બાગપત, ઉત્તરપ્રદેશ
હાલ રહે– ઘર નં.૬૭, રોશનનગર, નવા યાર્ડ, ફતેગંજ, વડોદરા

૨ **તોહીદ મોહમંદ નવાબુદ્દીન અંસારી, ઉ.વ.૨૧,** મુળ રહે. દક્ષીણ ઈસ્લામાબાદ, લક્ષ્મણવાલી ગલી, ઘર નં.૫૭૭, પોસ્ટ ગોસાઈપુર, તા.જી.મેરઠ થાના, નીશાળી ગેટ, ઉત્તરપ્રદેશ
હાલ રહે– ઘર નં.૬૭, રોશનનગર, નવા યાર્ડ, ફતેગંજ, વડોદરા

:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:

**<u>ગુન્હો:– ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૦૨,૨૦૧,૧૧૪</u>**

:–:–:–:–:–:–:–:–:–::–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:

**<u>ફરીયાદ પક્ષે વિધ્વાન એડી. ગવર્નમેન્ટ પ્લીડરશ્રી એ.એસ.જાડેજા</u>**

**<u>આરોપીઓ તર્ફે ડેપ્યુટી લીગલ એઈડ ડિફેન્સ કાઉન્સિલશ્રી એન.એસ.ગોર</u>**

–::–::–::–::–::–::–::–::–::–::–::–:–::–::–::–::–::–::–::–::–::

| | |
|---|---|
| જજમેન્ટ તારીખ | :– ૨૨/૦૫/૨૦૨૬ |
| સેશન્સ કેસ નંબર | :– ૩૭/૨૦૨૪ |

| | | |
|---|---|---|
| પોલીસ સ્ટેશન | :– | વાસદ પોલીસ સ્ટેશન |
| પાર્ટ–એ ગુન્હા રજી નં. | :– | ૧૧૨૧૫૦૩૮૨૪૦૦૯૪/૨૦૨૪ |
| ફરીયાદી | :– | શ્રી સરકાર<br>(ઉદયભાણ રામકુમાર દેશરાજ યાદવ) |
| ફરીયાદપક્ષે | :– | વિધ્વાન સરકારી વકીલ શ્રી<br>એ.એસ.જાડેજા |
| આરોપી | :– | **(૧) શોએબ ઉર્ફે સલમાન યુનુશ સૌકતઅલી શેખ(સીદ્દીકી), ઉ.વ.૨૦,** મુળ રહે. ઘર નં.૧૭૮, રટૌલ–૪, પોસ્ટ ભગોટ, તા.ભારૂત, જી.બાગપત, ઉત્તરપ્રદેશ, હાલ રહે– ઘર નં.૬૭, રોશનનગર, નવા યાર્ડ, ફતેગંજ, વડોદરા,<br>**(૨) તોહીદ મોહમંદ નવાબુદ્દીન અંસારી, ઉ.વ.૨૧,** મુળ રહે. દક્ષીણ ઈસ્લામાબાદ, લક્ષ્મણવાલી ગલી, ઘર નં.૫૭૭, પોસ્ટ ગોસાઈપુર, તા.જી.મેરઠ થાના, નીશાળી ગેટ, ઉત્તરપ્રદેશ, હાલ રહે– ઘર નં.૬૭, રોશનનગર, નવા યાર્ડ, ફતેગંજ, વડોદરા |
| આરોપી પક્ષે વિ.વ.શ્રી | :– | આરોપી તર્ફે ડેપ્યુટી ચીફ લીગલ ડિફેન્સ કાઉન્સિલશ્રી એન.એસ.ગોર |
| ગુન્હો બન્યા તારીખ | :– | ૦૩/૦૨/૨૦૨૪ થી<br>૧૨/૦૨/૨૦૨૪ સુધી |
| એફ.આઈ.આર ની તારીખ | :– | ૧૯/૦૨/૨૦૨૪ |
| ચાર્જશીટની તારીખ | :– | ૨૧/૦૫/૨૦૨૪ |
| ચાર્જફ્રેમ કર્યા તારીખ | :– | ૦૪/૧૧/૨૦૨૪ |
| પુરાવો નોંધવાનુ શરૂ કર્યા તારીખ | :– | ૦૧/૦૨/૨૦૨૫ |
| કેસ જજમેન્ટ પર રાખ્યા તારીખ | :– | ૦૬/૦૫/૨૦૨૬ |
| જજમેન્ટની તારીખ | :– | ૨૨/૦૫/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ,જો હોય તો | :– | – |

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડ કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | કયા ગુન્હા હેઠળ ચાર્જફ્રેમ થયેલ છે. | શું દોષી / નિર્દોષ | સજા ની વિગત | ટ્રાયલ દરમીયાન યુ.ટી.પી. રહેલ સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | સી.આર. પી.સી. ૪૨૮ મુજબ |
| (૧) | **શોએબ ઉર્ફે સલમાન યુનુશ સૌકતઅલી શેખ(સીદ્દીકી), ઉ.વ.૨૦,** મુળ રહે. ઘર નં.૧૭૮, રટૌલ-૪, પોસ્ટ ભગોટ, તા.ભારૂત, જી.બાગપત, ઉત્તરપ્રદેશ, હાલ રહે- ઘર નં.૬૭, રોશનનગર, નવા યાર્ડ, ફતેગંજ, વડોદરા, | **૨૪-૦૨-૨૪ ક.૧૨/૦૫ વાગે** | - | ઈપીકો કલમ- ૩૦૨,૨૦૧ ,૧૧૪ | **નિર્દોષ** | - | - |
| (૨) | **તોહીદ મોહમંદ નવાબુદ્દીન અંસારી, ઉ.વ.૨૧,** મુળ રહે. દક્ષીણ ઈસ્લામાબાદ, લક્ષ્મણવાલી ગલી, ઘર નં.૫૭૭, પોસ્ટ ગોસાઈપુર, તા.જી.મેરઠ થાના, નીશાળી ગેટ, ઉત્તરપ્રદેશ, હાલ રહે- ઘર નં.૬૭, રોશનનગર, નવા યાર્ડ, ફતેગંજ, વડોદરા | **૨૪-૦૨-૨૪ ક.૧૨/૦૫ વાગે** | - | ઈપીકો કલમ- ૩૦૨,૨૦૧ ,૧૧૪ | **નિર્દોષ** | - | - |

## <u>ફરીયાદપક્ષે રજુ કરેલ મૌખિક પુરાવાની વિગતઃ-</u>

| **અ.નં.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | ગુનાવાળી જગ્યાના પંચ પ્રવીણસિંહ પ્રતાપસિંહ સોલંકી | ૧૩ |
| ૨ | ઈન્કવેસ્ટ પંચનાનામાના પંચ મહેન્દ્રસિંહ હિંમતસિહ સોલંકી | ૧૮ |
| ૩ | ઈન્કવેસ્ટ પંચનાનામાના પંચ ઠાકોરભાઈ ચીમનભાઈ ચૌહાણ | ૨૦ |
| ૪ | કલમ-૨૭ મુજબ હથિયાર રજુ કર્યા અંગેના પંચનામાના પંચ હિતેશકુમાર રમેશભાઈ ગામેચી | ૨૨ |
| ૫ | આરોપીના કપડા, શરિરસ્થિતિ, સી.સી.ટી.વી કુટેજ કબજે કર્યા અંગેના પંચ સાહેદ નરેન્દ્રભાઈ નાથુભાઈ ગોહેલ | ૨૪ |
| ૬ | આણંદ રેલ્વે સ્ટેશન સી.સી.ટી.વી. કુટેજ કબ્જે કર્યા અંગેના પંચ સાહેદ ગીરીશભાઈ ચંદુભાઈ પરમાર | ૨૯ |
| ૭ | આરોપીની કપડા, શરિરસ્થિતિ, સી.સી ટીવી કુટેજ કબજે કર્યા અંગેના પંચ સાહેદ રામાભાઈ પુંજાભાઈ ઝાલા | ૩૪ |
| ૮ | રેલ્વે કર્મચારી ચંદનકુમાર અરવિંદભાઈ રાજપુત | ૩૬ |
| ૯ | પી.એમ. કરનાર ડોકટર અરીજીત અજય દત્તા | ૪૦ |
| ૧૦ | વડોદ રેલ્વે સ્ટેશનના સ્ટેશન અધિક્ષક સદાશીવ પ્રસન્નસિગ ઉપેન્દ્ર નારાયણ | ૪૮ |
| ૧૧ | કેટરર સુપરવાઈઝર સુરેશભાઈ નટવરલાલ લબાના | ૫૩ |
| ૧૨ | સાહેદ શાહબાઝ અબ્બાસ અન્સારી | ૫૫ |
| ૧૩ | સાહેદ સોહેલ અસ્લમ અન્સારી | ૫૬ |

| | | |
|---|---|---|
| ૧૪ | સાહેદ અરશદભાઈ યુસુફભાઈ પઠાણ | ૫૭ |
| ૧૫ | સાહેદ રોહીતભાઈ શિવકૈલાશ રાવત | ૫૯ |
| ૧૬ | ત.ક.અમલદારશ્રી પો.સ.ઈ. રાણાભાઈ સુરાભાઈ વાઘેલા | ૬૧ |
| ૧૭ | ફરીયાદીશ્રી ઉદયભાણ રામકુમાર યાદવ | ૧૨૦ |

## ફરીયાદપક્ષે રજુ કરેલ દસ્તાવેજી પુરાવાની વિગતઃ–

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ગુના બનાવ વાળી જગ્યાનુ પંચનામું | ૧૪ |
| ૨ | ઈન્કવેસ્ટ પંચનામું | ૧૯ |
| ૩ | કલમ–૨૭ હથિયાર રજુ પંચનામું | ૨૩ |
| ૪ | મરણજનારના કપડાં તથા મુદ્દામાલ કબજે પંચનામુ | ૨૫ |
| ૫ | આરોપીની શરિરસ્થિતિ તથા મોબાઈલ કબજે કર્યા અંગેનું પંચનામુ | ૨૬ |
| ૬ | સીસીટીવી ફુટેજ લીધેલ પેનડ્રાઈવનું પંચનામું | ૨૭ |
| ૭ | આણંદ રેલ્વે સ્ટેશન સીસીટીવી ફુટેજ કબજે કર્યા અંગેનું પંચનામુ | ૩૦ |
| ૮ | મરણજનારની લાશ અંગે પ્રથમ જાહેરાત | ૩૭ |
| ૯ | લાશનુ પી.એમ.કરવા માટેની યાદી | ૪૧ |
| ૧૦ | પી.એમ. રિપોર્ટ | ૪૨ |
| ૧૧ | મરણજનારનુ કોઝ ઓફ ડેથ સર્ટીફીકેટ | ૪૩ |
| ૧૨ | ત.ક.અ. સાથે પ્રશ્નોત્તરી સ્વરુપનો અભીપ્રાય રિપોર્ટ | ૪૪ |
| ૧૩ | ત.ક.અ. સાથે પ્રશ્નોત્તરી સ્વરુપનો અભીપ્રાય રિપોર્ટ | ૪૫ |
| ૧૪ | ટ્રેનની માહિતી આપતુ પત્રક | ૪૯ |
| ૧૫ | અસલ ફરીયાદ | ૬૨ |
| ૧૬ | ઈન્કવેસ્ટ ભરવા માટે યાદી | ૬૩ |
| ૧૭ | મરણોત્તર ફોર્મ | ૬૪ |
| ૧૮ | ગુજરાત મેઈલ ટ્રેનના જનરલ ડબ્બાનુ પંચનામું | ૬૫ |
| ૧૯ | સ્થળ પરિક્ષણ અહેવાલ | ૬૬ |
| ૨૦ | સ્થળ પરિક્ષણ અહેવાલ | ૬૭ |
| ૨૧ | પી.એમ. કરવા યાદી | ૬૮ |
| ૨૨ | પેનલ ડોક્ટર વડે પી.એમ. કરવા યાદી | ૬૯ |
| ૨૩ | લાશ સોંપ્યા તેમજ લાશ સંભાળ્યા અંગેની યાદીઓ | ૭૦,૭૧ |
| ૨૪ | નક્શો બનાવવાની યાદી | ૭૨ |
| ૨૫ | રવાનગી પત્રકો | ૭૩ થી ૭૬ |

| | | |
|---|---|---|
| ૨૬ | મુદ્દામાલ મળ્યા અંગેની પાવતીઓ | ૭૭ થી ૮૧ |
| ૨૭ | કલમ ઉમેરો કરવા રિપોર્ટ | ૮૨ |
| ૨૮ | કલમ ૧૬૪ ના નિવેદન માટે રિપોર્ટ | ૮૩ |
| ૨૯ | સી.સી. ટીવી ફુટેજ મેળવવા ચાદી | ૮૪ |
| ૩૦ | સી.સી. ટીવી ફુટેજનો જવાબ | ૮૫ |
| ૩૧ | પંચો ફાળવવાની ચાદીઓ | ૮૬,૮૭ |
| ૩૨ | સી.ડી.આર. મેળવવાના ફોર્મ | ૮૮ થી ૯૧ |
| ૩૩ | એલ.સી.બી.શાખાને કરેલ ચાદી | ૯૨ |
| ૩૪ | વી.એચ.એફ.મેસેજો, મેસેજ ફોર્મ, સ્પે.રીપોર્ટ, | ૯૩ થી ૯૮ |
| ૩૫ | સુચીપત્ર | ૯૯ |
| ૩૬ | સુચીપત્ર | ૧૦૦ |
| ૩૭ | ફોટાઓ | ૧૦૧ |
| ૩૮ | ડી.એફ.એસ. ફોરવડીંગ પત્ર, ડી.એફ.એસ. નો પેનડ્રાઈવ અંગેનો રીપોર્ટ, પુરાવા કાયદા પ્રમાણપત્ર, ગુનાવાળીનો નકશો | ૧૦૨ થી ૧૦૫ |
| ૩૯ | સીસીટીવી ફુટેજ માટેની ચાદી | ૧૦૬ |
| ૪૦ | ટેલીફોન વર્ધી | ૧૦૭ |
| ૪૧ | ગુનાવાળી જગ્યાના નક્શા સાથેનો ફોરવર્ડીંગ પત્ર | ૧૦૮ |
| ૪૨ | એફ.એસ.એલ. ફોરવર્ડીંગ પત્રો, ઝેરશાસ્ત્ર વિભાગનો પરીક્ષણ અહેવાલ, બાયોલોજી સીરોલોજી એહવાલ, ડી.એફ.એસ. ફોરવડીંગ પત્ર, ડી.એન.એ પરીક્ષણ અહેવાલ | ૧૦૯ થી ૧૧૪ |
| ૪૩ | પંચ સ્લીપો | ૧૧૫ થી ૧૧૭ |

## –// જજમેન્ટ //–

(૧) ફરીચાદપક્ષના આરોપીઓ વિરુદ્ધ આક્ષેપીત કેસની ટુકમાં હકીકત એવી છે કે, આરોપીઓએ તા.૩–૨–૨૦૨૪ ના રોજ કલાક ૨૩/૫૨ થી તા. ૧૨–૨–૨૦૨૪ ના કલાક ૦૭–૧૫ ના પહેલા કોઈ પણ સમચે મોજે વડોદ ગામની સીમમાં અમદાવાદથી વડોદરા રેલ્વે ટ્રેક પાસે આરોપીઓએ અમદાવાદથી મુંબઈ તરફ જતી ગુજરાત મેલ ટ્રેન નં.૧૨૯૦૨ ના પાછળના ભાગે આવેલ જનરલ કોચનં. ૧૮૪૨૧૯/સી ના કોચના દરવાજા પાસે બેસવા બાબતે મરણ જનાર અમીતકુમાર ઉદચભાણ રામકુમાર ચાદવ ઉ.વ. ૨૩, રહેવાસી–મહોઈ સાથે બોલાચાલી કરીને ઝઘડો કરીને બંને આરોપીઓએ હાથમાંના સળીયા મરણ જનાર અમીતકુમારની પીઠમાં ઘોંસી દઈને તથા આરોપી શોએબ ઉર્ફે સલમાન યુનુસ સૌકતઅલી શેખ

(સીદ્દીકી)એ લોખંડનો છરો મરણજનાર અમીતકુમારને માથાના ભાગે મારી ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચાડીને આરોપીઓએ પુરાવાનો નાશ કરવાના ઈરાદાઓથી અમીતકુમાર યાદવને ચાલુ ટ્રેનમાંથી ફેંકી દઈને મોત નીપજાવીને એકબીજાની મદદગારીમાં રહીને ગુનો કરેલાનો આક્ષેપીત કેસ રહેલો છે.

**(૨)** આ કામે ફરિયાદી ઉદયભાણ રામકુમાર યાદવની તા. ૧૯-૦૨-૨૦૨૪ ની ફરિયાદ મુજબ તા.૧૭-૨-૨૦૨૪ ના રોજ રાત્રીના સાડા આઠેક વાગ્યે આણંદ જિલ્લાના વાસદ પો.સ્ટે. થી મોબાઈલ ફોન ઉપર જણાવેલ કે, વાસદ પો.સ્ટે.ના હદમાં વડોદ રેલ્વે ટ્રેક પાસે તા. ૧૨-૨-૨૪ ના રોજ અજાણ પુરુષની લાશ ઉ.વ. ૩૦ થી ૩૫ ની મળી આવેલ જે તપાસમાં લાશ અમીતની હોવાનુ જાણ કરતાં તેથી તેઓ તા. ૧૮-૨-૨૪ નારોજ રાત્રે આણંદ રેલ્વે સ્ટેશન આવીને રાત્રે રોકાઈ તા. ૧૯-૨-૨૪ ના રોજ વાસદ પો.સ્ટે. ગયેલા હતા. વાસદ પો.સ્ટે.થી જાણ થયેલ કે, અકસ્માત મોત સી.આર.પી.સી. ક.૧૭૪ તા.૧૨-૨-૨૪ મુજબ આ કામે અજાણ પુરુષની લાશ અમદાવાદ વડોદરા રેલ્વે ટ્રેક ઉપર વડોદ પાસે બીનવારસી મળી આવેલ હતી. જે લાશનુ ધડ અલગ હતુ, લાશ કહોવાઈ ગયેલ હતી. શરીરે કપડાંનુ વર્ણન કરીને લાશ પાસે રુદ્રાક્ષની માળા, લોખંડનુ કડુ, મહાકાલ લખેલ રબર બેન્ડ મળેલ હતા. પેન્ટના ખિસ્સામાંથી રીયલમી એન્ડ્રોઈડ મોબાઈલ ફોન મળેલ હતો, જે જોતાં આ વસ્તુઓ તેઓના દિકરા અમીતની ઓળખાવેલ હતી. તેઓનો દિકરો અમીત એક માસ પહેલાં ગામના અરવિંદ રામલાલ પાસવાન સાથે મજુરી કામ માટે અમદાવાદના ચાંગોદર પાસે મોરૈયા ગામે આવેલ હતો અને તેની પાસે મોબાઈલ ન હોય ગામના પ્રવીણના મોબાઈલથી તેઓ સાથે વાત કરતો હતો. સદર અમીતના લગ્ન થયેલ નથી તે તેને દારુ પીવાની કયારેક ગાંજો પીવાની ટેવ હતી અને નશો નહી કરવા અગાઉ ઠપકો પણ આપેલ હતો. વધુમાં અમીત કંપનીમાં દારુ પીને આવતાં કંપનીમા સામાન ઢોળી દેતાં કાઢી મુકેલ હતો અને ફોટા મોબાઈલ અને મળેલ વસ્તુઓથી લાશ ઓળખાયેલ હતી. તપાસમાં તા.૩-૨-૨૪ ના રોજ રાત્રીના ૨૩-૫૨ ના સુમારે આણંદ રેલ્વે સ્ટેશન પ્લેટફોર્મ ઉપર અમદાવાદથી મુંબઈ જતી ગુજરાત મેલ એક્સપ્રેસ જનરલ કોચના દરવાજા પાસે અમીત ઉભેલ હોવાનુ જણાઈ આવેલ હતુ. લાશના પી.એમ. દરમ્યાન બોથડ તીક્ષ્ણ હથીયારથી પીઠના ભાગે ઈજા હોવાનું લખાઈ આવેલ હતુ. લાશનો કબજો

મેળવી તેઓએ અંતીમ વીધી કરીને હાલની ફરિયાદ નોંધાવેલ છે. જેથી તેઓના દિકરા અમીતની  આણંદથી મુબઈ જતી ટ્રેનમાં કોઈ અજાણ ઈસમોએ બોથડ તીક્ષ્ણ હથીયારથી ઈજા કરીને મોત નીપજાવી લાશ ફેંકી દઈને ગુનો કરેલ બાબતે તેઓથી ફરિયાદ નોંધાવેલ છે. સદર ફરિયાદ વાસદ પો.સ્ટે.માં તા.૧૯–૨–૨૪ થી નોધાતાં તેની તપાસના અંતે આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો મળી આવતાં આરોપીઓ વિરુદ્ધ હાલનો કેસ ઉપસ્થીત થયેલો છે.

(૩) આ કામે આરોપીઓ વિરુધ્ધ ઉપરોકત ફરીયાદવાળા ગુનાની તપાસના અંતે ત.ક.અ. ને  ઈ.પી.કો.કલમ ૩૦૨,૨૦૧,૧૧૪ મુજબના ગુના સબબ પુરતો પુરાવો મળી આવતાં, તપાસ કરનાર અમલદારે ચીફ જયુડી. મેજી. કોર્ટ,આણંદ કોર્ટમાં આરોપીઓ વિરુધ્ધ કેસનુ ચાર્જશીટ કરેલ છે. સદર ચાર્જશીટ આણંદના વિ. ચીફ જયુડી. મેજિસ્ટ્રેટ કોર્ટ ખાતે ફોજદારી કેસ રજીસ્ટરે ફોજદારી કેસ નં.૩૩૪૬/૨૦૨૪, તા.૨૨–૫–૨૦૨૪ થી કેસ નોંધાયેલ છે. સદર કેસ ઈ.પી.કો.કલમ ૩૦૨,૨૦૧,૧૧૪ મુજબના ગુનાનો કેસ ચલાવવાની હકુમત નામદાર વિ.જયુડી.મેજી.કોર્ટમાં ન હોય, અને  સદર  ગુનો  સેશન્સ ટ્રાયેબલ હોય, આ કેસ ત્રીજા એડી. ચીફ જયુડી. મેજી. કોર્ટ આણંદ તરફથી સેશન્સ કોર્ટ આણંદમાં કમીટ કરવામાં આવેલો છે. જે કેસ આણંદ જિલ્લા અદાલતમાં સેશન્સ કેસ નં. ૩૭/૨૦૨૪ થી નોંધવામાં આવેલ છે. આ કામે આરોપીઓ આ કેસના કામે હાજર રહેતાં આરોપીઓને પોલીસ તપાસના કાગળોની નકલો આપેલાની ખાત્રી કરીને, આંક–૦૯ થી બંને આરોપીઓ વીરુધ્ધ ઈ.પી.કો. કલમ ૩૦૨,૨૦૧,૧૧૪ મુજબના ગુનાનુ તહોમતનામુ ફરમાવીને આંક–૧૦ અને ૧૧ થી આરોપીઓનું નિવેદન લેતા, આરોપીઓએ ગુનો કરેલ હોવાનો ઈન્કાર કરેલ છે. જેથી આગળની ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવેલ છે. ફરીયાદપક્ષે પોતાનો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો ઉપર મુજબ રજુ કરેલ છે.

(૪) ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તથા આંક–૧૨૧ ની પુરસીસ રજુ કરીને પુરાવો પુરો થયેલાનું જાહેર કરવામાં આવેલ છે.  ફરીયાદ પક્ષે રજૂ થયેલ પુરાવાનું આરોપી વિરુધ્ધ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ મુજબ વધુ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીઓએ ગુનો કરેલ ન હોવાનો નિર્દોષ હોવાનો બચાવ લીધેલ છે તથા બચાવના સાહેદ તપાસવા નથી અને જાતે જુબાની આપવી નથી તેમ જાહેર કરેલ છે.

(૫) ત્યારબાદ વિદ્વાન સરકારી વકીલશ્રી એ.એસ.જાડેજાની મૌખીક દલીલો સાંભળવામાં આવેલ છે. ફરીયાદપક્ષ તર્ફે વિદ્વાન સરકારી વકીલશ્રી એ.એસ.જાડેજા હાજર થઈ ભારપુર્વક દલીલ કરતા જણાવેલ છે કે, આરોપીઓએ ગંભીર પ્રકારનો ગુનો કરેલ છે અને ફરીયાદપક્ષે આરોપીઓ સામેનું તહોમત પુરવાર કરવા પુરતો પુરાવો ફરિયાદપક્ષે પોતાનો સબળ પુરાવો રજૂ કરીને આરોપી વિરુદ્ધ નિ:શંકપણે ગુનો પુરવાર કરેલ છે. જો આવા ગંભીર પ્રકારના ગુનામાં આરોપીઓને ક્ષુલ્લક વિરોધાભાસનો લાભ આપવામાં આવે તો સમાજમાં કાયદાનું શાસન રહે નહીં અને આરોપીઓને પણ કોઈ ડર રહે નહીં. આ ઉપરાંત દલિલોમાં જણાવેલ છે કે, તપાસ કરનાર અધિકારીએ યોગ્ય તપાસ કરેલ છે અને આરોપીઓ વિરુદ્ધ પૂરતો પુરાવો મળી આવતા ચાર્જશિટ કરેલ છે. ચાર્જશિટમાં જણાવેલ સાક્ષીઓએ ફરિયાદને અનુરૂપ સોગંધ ઉપરનો પુરાવો રજૂ કરેલ છે ત્યારે નાના વિરોધાભાસને નજર અંદાજ કરીને જ્યારે આરોપીપક્ષે કોઈ સબળ બચાવ લેવામાં આવેલ ન હોય ત્યારે આરોપીઓને તકસિરવાન ઠરાવવા રજુઆત કરેલ છે.

(૬) જ્યારે બચાવપક્ષે આરોપીની તરફેણમાં ડેપ્યુટી ચીફ લીગલ ડિફેન્સ કાઉન્સિલશ્રી એન.એસ.ગોર નાઓએ ભારપુર્વક રજુઆત કરતાં જણાવે છે કે, આરોપી તરફે વિદ્વાન વકીલએ પોતાની રજૂઆતમાં જણાવેલ છે કે, ફરિયાદના મુખ્ય તત્ત્વો ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. ફરિયાદપક્ષે તપાસેલ સાહેદોનું સમર્થન મળેલ નથી. ફરિયાદપક્ષે તપાસેલા મોટાભાગના સાહેદો ફરી ગયેલા જાહેર થયેલ છે. મેડિકલ ઓફિસરશ્રી ની જુબાનીથી આરોપીઓની હાજરી કે આરોપીઓ કોઈ ગુનાહિત કૃત્ય કરેલ હોય તેવી હકીકત પુરવાર થતી નથી. પોલીસે ઉભી કરેલી સ્ટોરી માની શકાય તેવી નથી. માત્ર શંકાના આધારે આરોપીઓને સંડોવી દીધેલ છે. તપાસ કરનાર અધિકારીએ પણ હાલના આરોપી વિરુદ્ધ કેવી રીતે રજૂ કરેલ છે તે પૂરવાર કરી શકેલ નથી. ફરિયાદપક્ષે આ કામે જે પણ સાક્ષીને તપાસવામાં આવેલા છે તે સાહેદો પણ આરોપીઓને સાંકળી શકાય તેવી હકીકત જણાવી શકેલ નથી. તપાસ કરનાર અધિકારી હાલના આરોપીઓ સુધી સીસીટીવી ફૂટેજને આધારે પહોંચેલ હોવાનું પોતાના પુરાવામાં જણાવે છે પરંતુ આવા કોઈ સીસીટીવી ફૂટેજ કબજે કરેલ હોય અને પુરાવા તરીકે ન્યાયીક કાર્યવાહી દરમિયાન રજૂ કરેલ હોય તેવું પણ બનેલ નથી. આમ, મરણજનાર ઈસમનું કોઈ પણ રીતે મોત થયેલ છે તેવું માની લેવામાં આવે

તો પણ હાલના આરોપીઓએ તે ઈસમનું ખૂન કરેલ હોય કે ચાલુ ટ્રેનમાંથી નીચે ફેંકી દીધેલ હોય કે આરોપીઓએ પોતાના હાથમાંના સળિયા આરોપીની પીઠમાં ઘોંપી દીધેલ હોય તેવી કોઈ હકીકત પુરવાર થતી નથી. જેથી ઊભી થયેલી શંકા નો લાભ આરોપીઓને આપવા રજૂઆત કરેલ છે.

(૭) આ કામે બંને પક્ષકારો તર્ફે થયેલ રજુઆત તથા રજુ થયેલ પુરાવાઓ ધ્યાને લેતા કેસના આખરી નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયા છે.

**<u>મુ દ્દા ઓ</u>**

૧. ***શું ફરિયાદપક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા.૩-૨-૨૦૨૪ ના રોજ કલાક ૨૩-૫૨ થી તા.૧૨-૨-૨૦૨૪ ના કલાક ૭-૧૫ ના પહેલા કોઈ પણ સમયે મોજે વડોદ ગામની સીમમાં અમદાવાદથી વડોદરા રેલ્વે ટ્રેક પાસે આરોપીઓએ અમદાવાદથી મુંબઈ તરફ જતી ગુજરાત મેલ ટ્રેન નં.૧૨૯૦૨ ના પાછળના ભાગે આવેલ જનરલ કોચ નં.૧૮૪૨૧૯/સી ના કોચના દરવાજા પાસે બેસવા બાબતે મરણ જનાર અમીત કુમાર ઉદયભાણ રામ કુમાર યાદવ ઉ.વ. ૨૩ રહેવાસી-મહોઈ સાથે બોલાચાલી કરીને ઝઘડો કરીને બંને આરોપીઓએ હાથમાંના સળીયા મરણજનાર અમીતકુમારની પીઠમાં ઘોંસી દઈને તથા આરોપી શોએબ ઉર્ફે સલમાન યુનુસ સૌકતઅલી શેખ (સીદ્દીકી)એ લોખંડનો છરો મરણજનાર અમીતકુમારને માથાના ભાગે મારી ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચાડીને આરોપીઓએ પુરાવાનો નાશ કરવાના ઈરાદાઓથી અમીતકુમાર યાદવને ચાલુ ટ્રેનમાંથી ફેંકી દઈને મોત નીપજાવીને એકબીજાની મદદગારીમાં રહીને સાઅપરાધ મનુષ્યવધ કરીને સમગ્ર કૃત્યોથી ઈ.પી.કો. કલમ-૩૦૨, ૨૦૧, ૧૧૪ મુજબનો શિક્ષા ને પાત્ર ગુનો કરેલ છે ?***

૨. *શું હુકમ ?*

(૮) ઉપરોક્ત મુદ્દાઓનો મારા આખરી નિર્ણય નીચે મુજબ છે.

**૧. નકારમાં**

**૨. આખરી હુકમ મુજબ**

(૯) આ કામે બંને પક્ષકારોના વિદ્વાન વકીલશ્રીઓની લેખીત રજુઆત તથા રજુ થયેલ રેકર્ડનો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં ઉપરોકત મુદ્દાઓના નિર્ણયના કારણો નીચે મુજબ રહેલા છે.

## -: કા ર ણોઃ-

## મુદ્દા નં. ૧ અને ૨

(૧૦) આ કામે આરોપીઓ વિરુધ્ધ ઈ.પી.કો. કલમ-૩૦૨, ૨૦૧,૧૧૪ મુજબનો આક્ષેપીત ગુનાનો કેસ રહેલો છે. આરોપીઓ વિરુધ્ધના સદર ગુનાની કાનુની વ્યાખ્યા પરિભાષા ધ્યાને લેતા નીચે મુજબ રહેલ છે.

**સાપરાઘ મનુષ્યવધ:-(ઈ.પી.કો. ક. ૨૯૯)** કોઈ પણ વ્યકિત, મૃત્યુ નિપજાવવાનાં ઈરાદાથી અથવા તેથી મૃત્યુ નિપજવાનો સંભવ હોય તેવી શારીરિક ઈજા પહોંચાડવાના ઈરાદાથી અથવા પોતાના તેવા કૃત્યથી પોતે મૃત્યુ નિપજાવે તેવો સંભવ છે તેવા જ્ઞાન સાથે કોઈ કૃત્ય કરીને મૃત્યુ નિપજાવે તે સાપરાઘ મનુષ્યવઘનો ગુનો કરે છે.

**ખૂન :-(ઈ.પી.કો. ક. ૩૦૦)** હવે પછી અત્રે દર્શાવેલ અપવાદોના કિસ્સા સિવાય સાપરાઘ મનુષ્યવઘ તે ખૂન છે, જો જેથી મૃત્યુ નિપજયું હોય તે કૃત્ય મૃત્યુ નિપજાવવાના ઈરાદાથી કર્યુ હોય, અથવા બીજું-જો ગુન્હેગારને એવુ જ્ઞાન હોય કે જે વ્યકિતને શારીરિક હાની પહોંચી છે તેનું મૃત્યુ નિપજવાનો સંભવ છે અને તેવી શારીરિક હાનિ પહોંચાડવાના ઈરાદાથી કર્યુ હોય, અથવા ત્રીજું- જો, કોઈ વ્યકિતને શારીરિક ઈજા પહોંચાડવાના ઈરાદાથી કર્યુ હોય અને શારીરિક ઈજા પહોંચાડવા ધારી હોય તે કુદરતના સામાન્ય ક્રમમાં મૃત્યુ નિપજાવવા પૂરતી હોય, અથવા ચોથું- જો, કૃત્ય કરનાર વ્યકિતને જ્ઞાન હોય કે તે એવું તત્કાલીન ભયજનક છે કે તમામ શકયતાઓ વચ્ચે મૃત્યુ જ નિપજે અથવા તેવી શારીરિક ઈજાથી મૃત્યુ નિપજવાની પૂરી સંભાવના હોય અથવા મૃત્યુ નિપજાવવા માટે કે ઉપરથી ઈજા પહોંચાડવા માટેનુ જોખમ લેવાના કોઈ જ કારણો વગર તે કૃત્ય કર્યુ હોય. ગુનાહિત કાવતરૂ અને વ્યાખ્યા નીચે મુજબ રહેલ છે.

૧. બે કે તેથી વઘુ વ્યકિતની સામેલગીરી.

૨. કોઈ ગેરકાનૂની કૃત્ય, અથવા ગેરકાનૂની ન હોય તેવુ કૃત્ય ગેરકાનૂની રીતે કરવા અથવા કરાવવા માટે સહ મતી.

**પુરાવાનો નાશ કરવો :– (ઈ.પી.કો. ક. ૨૦૧)** જે કોઈ વ્યક્તિ, ગુનો કરવામાં આવ્યો છે એવું જાણવા છતાં અથવા એમ માનવાને કારણ હોવા છતાં, ગુનેગારને કાયદેસરની શિક્ષામાંથી બચાવી લેવાના ઈરાદાથી તે ગુનો થયાનો કોઈ પુરાવો ગુમ કરે અથવા એવા ઈરાદાથી તે ગુન્હા અંગે ખોટી હોવાનું પોતે જાણતી કે માનતી હોય તેવી માહિતી આપે તે, ગુનો મોતની શિક્ષાને પાત્ર હોય તો – કરવામાં આવેલો ગુનો મોતની શિક્ષાને પાત્ર હોવાનું પોતે જાણતી અથવા માનતી હોય, તો સાત વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પણ પાત્ર થશે. ગુનો આજીવન કેદની શિક્ષાને પાત્ર હોય તો – અને તે **ગુનો આજીવન કેદની અથવા દસ વર્ષ સુધીની કેદની શિક્ષાને પાત્ર હોય,** તો તેને ત્રણ વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પણ પાત્ર થશે. **દસ વર્ષથી ઓછી કેદની શિક્ષાને પાત્ર હોય તો – અને તે ગુનો વધુમાં વધુ દસ વર્ષ સુધીની કેદની શિક્ષાને પાત્ર હોય,** તો તેને તે ગુન્હા માટે ઠરાવેલા પ્રકારની અને ઠરાવેલી કેદની વધુમાં વધુ મુદતની એક ચતુર્થાંશ મુદત સુધીની કેદની અથવા દંડની અથવા તે બન્ને શિક્ષા કરવામાં આવશે.

**(૧૧)** કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, ક્રિમીનલ ટ્રાયલમાં ફરીયાદપક્ષે પોતાનો કેસ ચોકકસ, વિશ્વસનીય અને સ્પષ્ટ પુરાવા રજુ કરી આરોપી વિરુધ્ધ ફરમાવેલ તહોમતનામા મુજબની હકિકતો નિ:શંકપણે પુરવાર કરવી પડે અને જો આરોપીના બચાવમા કોઈ નિર્બળતા હોય તો તેનો લાભ ફરિયાદપક્ષને મળી જતો નથી કે તેનાથી ફરિયાદપક્ષના પુરાવાનો બોજો ઓછો થતો નથી અને જયાં સુધી આરોપી વિરુધ્ધનો ગુન્હો નિ:શંકપણે પુરવાર ન થાય ત્યાં સુધી આરોપીને નિર્દોષ માનવાનો રહે છે.

**(૧૨)** ઉપરોકત ગુનાની વ્યાખ્યાની પરિઘમાં આરોપીઓ વિરુધ્ધનો ફરિયાદપક્ષે પોતાનો કેસ નિ:શંક રીતે સાબીત કરેલ છે કે કેમ તે ધ્યાને લઈને ત્યારબાદ ફરિયાદપક્ષે તેમના સમર્થનમાં વિ.એડી.પી.પી. એ.એસ.જાડેજાની તથા આરોપી તર્ફે ડેપ્યુટી ચીફ ડીફેન્સ કાઉન્સીલ શ્રી એન.એસ.ગોર ની દલીલો સાંભળવામાં આવેલ છે. સરકાર તરફે વિ. સરકારી વકીલ શ્રી એ દલીલ કરતા જણાવેલ છે કે, આરોપીઓએ ગંભીર

પ્રકારનો ગુનો કરેલ છે અને ફરીયાદપક્ષે આરોપીઓ સામેનું તહોમત પુરવાર કરવા પુરતો પુરાવો ફરિયાદપક્ષે પોતાનો સબળ પુરાવો રજૂ કરીને આરોપી વિરુદ્ધ નિ:શંકપણે ગુનો પુરવાર કરેલ છે. જો આવા ગંભીર પ્રકારના ગુનામાં આરોપીઓને ક્ષુલ્લક વિરોધાભાસનો લાભ આપવામાં આવે તો સમાજમાં કાયદાનું શાસન રહે નહીં અને આરોપીઓને પણ કોઈ ડર રહે નહીં. આ ઉપરાંત દલિલોમાં જણાવેલ છે કે, તપાસ કરનાર અધિકારીએ યોગ્ય તપાસ કરેલ છે અને આરોપીઓ વિરુદ્ધ પૂરતો પુરાવો મળી આવતા ચાર્જશિટ કરેલ છે. ચાર્જશિટમાં જણાવેલ સાક્ષીઓએ ફરિયાદને અનુરૂપ સોગંધ ઉપરનો પુરાવો રજૂ કરેલ છે ત્યારે નાના વિરોધાભાસને નજર અંદાજ કરીને જ્યારે આરોપીપક્ષે કોઈ સબળ બચાવ લેવામાં આવેલ ન હોય ત્યારે આરોપીઓને તકસિરવાન ઠરાવવા રજુઆત કરેલ છે. આ કામે રજુ થયેલ ડોકટરના પુરાવા અને મેડીકલ દસ્તાવેજી પુરાવાઓથી મરણજનારનુ મોત મારઝુડના કારણો થી થયેલાનુ જાહેર થયેલ છે. જેથી મેડીકલ પુરાવાથી ફરીયાદપક્ષના કેસને સમર્થન મળે છે. તે સીવાયના પંચો તથા સાહેદો હોસ્ટાઈલ થયેલા છે પરંતુ આ કામે તપાસેલા પોલીસ સાહેદો પણ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપે છે. આ કામે સમયસર ફરીયાદ નોધાયેલ છે તથા પી.એસ.ઓ.એ તેમણે કરેલ કાર્યવાહીને સમર્થન આપે છે, ત.ક.અ.તરફે તપાસ હકિકતોને તથા આરોપી વિરુધ્ધ કરેલ ચાર્જશીટની વિગતોને સમર્થન આપે છે. આ સંજોગોમાં મેડીકલ પુરાવો તથા રજુ થયેલ દસ્તાવેજી પુરાવા ઉપરથી પણ ફરીયાદપક્ષનો કેસ સાબીત માનીને આરોપીને સખ્ત સજા કરવા વિ.એડી.પી.પીશ્રીએ દલીલો કરેલ છે.

(૧૩) આ કામે આરોપી તરફે ડેપ્યુટી ચીફ ડીફેન્સ કાઉન્સીલશ્રી એન.એસ.ગોર નાઓએ રજુઆત કરેલ છે કે, આરોપી તરફે વિદ્વાન વકીલએ પોતાની રજૂઆતમાં જણાવેલ છે કે, ફરિયાદના મુખ્ય તત્ત્વો ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. ફરિયાદપક્ષે તપાસેલ સાહેદોનું સમર્થન મળેલ નથી. ફરિયાદપક્ષે તપાસેલા મોટાભાગના સાહેદો ફરી ગયેલા જાહેર થયેલ છે. મેડિકલ ઓફિસરશ્રી ની જુબાનીથી આરોપીઓની હાજરી કે આરોપીઓ કોઈ ગુનાહિત કૃત્ય કરેલ હોય તેવી હકીકત પુરવાર થતી નથી. પોલીસે ઉભી કરેલી સ્ટોરી માની શકાય તેવી નથી. માત્ર શંકાના આધારે આરોપીઓને સંડોવી દીધેલ છે. તપાસ કરનાર અધિકારીએ પણ હાલના આરોપી વિરુદ્ધ કેવી રીતે રજૂ કરેલ છે તે પૂરવાર કરી શકેલ નથી. ફરિયાદપક્ષે આ કામે જે પણ સાક્ષીને તપાસવામાં આવેલા છે તે સાહેદો પણ આરોપીઓને સાંકળી

શકાય તેવી હકીકત જણાવી શકેલ નથી. તપાસ કરનાર અધિકારી હાલના આરોપીઓ સુધી સીસીટીવી ફૂટેજને આધારે પહોંચેલ હોવાનું પોતાના પુરાવામાં જણાવે છે પરંતુ આવા કોઈ સીસીટીવી ફૂટેજ કબજે કરેલ હોય અને પુરાવા તરીકે ન્યાયીક કાર્યવાહી દરમિયાન રજૂ કરેલ હોય તેવું પણ બનેલ નથી. આમ, મરણજનાર ઈસમનું કોઈ પણ રીતે મોત થયેલ છે તેવું માની લેવામાં આવે તો પણ હાલના આરોપીઓએ તે ઈસમનું ખૂન કરેલ હોય કે ચાલુ ટ્રેનમાંથી નીચે ફેંકી દીધેલ હોય કે આરોપીઓએ પોતાના હાથમાંના સળિયા આરોપીની પીઠમાં ઘોંપી દીધેલ હોય તેવી કોઈ હકીકત પુરવાર થતી નથી. જેથી ઊભી થયેલી શંકા નો લાભ આરોપીઓને આપવા રજૂઆત કરેલ છે. આ કામે ફરીયાદપક્ષે તપાસેલા મહત્વના તમામ સાહેદો ફરીયાદપક્ષને કેસને સમર્થન આપતા નથી. સાહેદોની જુબાની ધ્યાને લેતાં, આ કામે નીચે મુજબનો મૌખીક પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**(૧૪) --- પંચ સાહેદોનો પુરાવો ---**

**(૧૪.૧)** સદર કામે આરોપીઓ વિરૂધ્ધનો આક્ષેપિત ગુનો પુરવાર કરવા માટે ફરીયાદપક્ષ તર્ફે કુલ-૧૭ સાહેદોને તપાસવામાં આવેલા છે તથા તેને સંલગ્ન દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે તે પૈકી **સાહેદ નં.૧** તરીકે આંક-૧૪ ના ગુનાવાળી જગ્યા પંચ સાહેદ પ્રવિણસિંહ પ્રતાપસિંહ સોલંકી નાઓને આંક-૧૩ થી તપાસવામાં આવેલ છે જેઓ પંચનામામાં તેઓની સહી હોવાનું સ્વીકારે છે પરંતુ તેમની હાજરીમાં પંચનામાની વિગતે કોઈ કાર્યવાહી થયેલ હોય તે હકીકતનો ઈન્કાર કરેલ છે. જેથી સદર પંચ સાહેદના પુરાવાથી આંક-૧૪ થી રજુ ગુનાવાળી જગ્યાના પંચનામાને સમર્થન પ્રાપ્ત થતુ નથી.

**(૧૪.૨)** ત્યારબાદ **સાહેદ નં.૨** તરીકે આંક-૧૯ ના ઈન્કવેસ્ટ પંચનામાના પંચ નં.૧ મહેન્દ્રસિંહ હિંમતસિહ સોલંકી નાઓને આંક-૧૮ થી તપાસવામાં આવેલા છે. પંચ નં.૧ મહેન્દ્રસિંહ હિંમતસિંહ સોલંકી નાઓ પંચનામામાં તેઓની સહી હોવાનું સ્વીકારે છે પરંતુ તેમની હાજરીમાં પંચનામાની વિગતે કોઈ કાર્યવાહી થયેલ હોય તે હકીકતનો ઈન્કાર કરેલ છે. જેથી તેઓને એપીપીશ્રીની રજુઆતને આધારે ફરી ગયેલા સાહેદ જાહેર કરી ભારતીય પુરાવા અધિનીયમની કલમ-૧૫૪ મુજબ સુચક પ્રશ્નો પુછવામાં આવેલ, તેમ છતાં તેઓએ પંચનામાની વિગતે થયેલ કાર્યવાહીની હકીકતનો ઈન્કાર કરેલ છે.

ત્યારબાદ **સાહેદ નં.૩** તરીકે આંક–૧૯ ના ઈન્કવેસ્ટ પંચનામાના પંચ નં.૨ ઠાકોરભાઈ ચિમનભાઈ ચૌહાણ નાઓને આંક–૨૦ થી તપાસવામાં આવેલા છે. પંચ નં.૨ ઠાકોરભાઈ ચિમનભાઈ ચૌહાણ નાઓ પંચનામામાં તેઓની સહી હોવાનું સ્વીકારે છે અને તેમની હાજરીમાં પંચનામાની વિગતે કાર્યવાહી થયેલ હોવાનું જણાવે છે. પરંતુ બચાવપક્ષ દ્વારા કરવામાં ઉલટતપાસમાં સાહેદ જણાવેલ છે કે તેઓએ પોલીસના કહેવાથી ખેતરમાં પંચનામામાં સહી કરેલી. સદર સાહેદે એ વાતનો સ્વીકાર કરેલ છે કે તેઓએ તૈયાર લખેલા કાગળમાં સહી કરેલી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે તે લખાણ તેઓએ વાંચેલ નહી કે પોલીસે વાંચી સંભળાવેલ નહી. એ વાતનો પણ સ્વીકાર કરેલ છે કે તેઓએ લખાણ લખાવેલ હોય અને પોલીસે લખી લીધેલ હોય તેવુ બનેલ નહી.

જેથી આંક–૧૯ ના ઈન્કવેસ્ટ પંચનામાને બંને પંચ સાહેદોના સોગંધ પરના મૌખિક પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતુ નથી.

(૧૪.૩) ત્યારબાદ **સાહેદ નં.૪** તરીકે આંક–૨૩ થી રજુ કલમ–૨૭ મુજબના પંચનામાના પંચ નં.૧ હિતેશકુમાર રમેશભાઈ ગામેચી નાઓને આંક–૨૨ થી તપાસવામાં આવેલા છે. જેઓ પંચનામા દરમ્યાન પોલીસ સાથે ગયા હોવા બાબત તથા પંચનામામાં તેઓની સહી હોવા બાબતની હકીકત સ્વીકારે છે પરંતુ તેમની હાજરીમાં પંચનામાની વિગતે કોઈ કાર્યવાહી થયેલ હોય કે બનાવમાં વપરાયેલ હથિયાર કે કપડાં કબ્જે કર્યા હોય તે હકીકતનો ઈન્કાર કરેલ છે. જેથી તેઓને એપીપીશ્રીની રજુઆતને આધારે ફરી ગયેલા સાહેદ જાહેર કરી ભારતીય પુરાવા અધિનીયમની કલમ–૧૫૪ મુજબ સુચક પ્રશ્નો પુછવામાં આવેલ, તેમ છતાં તેઓએ પંચનામાની વિગતે થયેલ કાર્યવાહીની હકીકતનો ઈન્કાર કરેલ છે.

ત્યારબાદ **સાહેદ નં.૫** તરીકે આંક–૨૩ થી રજુ કલમ–૨૭ મુજબના પંચનામાના પંચ નં.૨ નરેન્દ્રભાઈ નાથુભાઈ ગોહેલ નાઓને આંક–૨૪ થી તપાસવામાં આવેલા છે. જેઓ પંચનામામાં તેઓની સહી હોવાનું સ્વીકારે છે પરંતુ તેમની હાજરીમાં પંચનામાની વિગતે કોઈ કાર્યવાહી થયેલ હોય તે હકીકતનો ઈન્કાર કરેલ છે.

જેથી આંક–૨૩ વાળા બનાવમાં વપરાયેલ હથિયાર કે કપડાં કબ્જે અંગેના કલમ–૨૭ મુજબ પંચનામાને આંક–૨૨ તથા આંક–૨૪ થી તપાસેલ પંચ સાહેદો દ્વારા સમર્થન પ્રાપ્ત થતુ નથી.

(૧૪.૪) વધુમાં, **સાહેદ નં.૫** તરીકે આંક–૨૫,૨૬,૨૭ થી રજુ

પંચનામાઓના પંચ નં.૨ નરેન્દ્રભાઈ નાથુભાઈ ગોહેલ નાઓને આંક–૨૪ થી જ તપાસવામાં આવેલા છે. જેઓ તમામ પંચનામાઓમાં તેઓની સહી હોવાનું સ્વીકારે છે પરંતુ તેમની હાજરીમાં પંચનામાની વિગતે કોઈ કાર્યવાહી થયેલ હોય તે હકીકતનો ઈન્કાર કરેલ છે.

ત્યારબાદ **સાહેદ નં.૭** તરીકે આંક–૨૫,૨૬,૨૭ થી રજુ પંચનામાઓના પંચ નં.૧ રામાભાઈ પુંજાભાઈ ઝલા નાઓને આંક–૩૪ થી તપાસવામાં આવેલા છે. જેઓ પંચનામામાં તેઓની સહી હોવાનું સ્વીકારે છે પરંતુ તેમની હાજરીમાં પંચનામાની વિગતે કોઈ કાર્યવાહી થયેલ હોય તે હકીકતનો ઈન્કાર કરેલ છે.

જેથી આંક–૨૫,૨૬,૨૭ વાળા તમામ પંચનામાઓને આંક–૨૪ તથા આંક–૩૪ થી તપાસેલ પંચ સાહેદો દ્વારા સમર્થન પ્રાપ્ત થતુ નથી.

**(૧૪.૫)** ત્યારબાદ **સાહેદ નં.૬** તરીકે આંક–૩૦ થી રજુ સીસીટીવી કુટેજને પેનડ્રાઈવમાં લઈ કબ્જે કર્યા અંગેના પંચનામાના પંચ નં.૧ ગીરીશભાઈ ચંદુભાઈ પરમાર નાઓને આંક–૨૯ થી તપાસવામાં આવેલા છે. જેઓએ પોતાના મૌખિક પુરાવામાં જણાવેલ છે કે, તા.૨૮/૨/૨૦૨૪ નારોજ વાસદ પો.સ્ટે.ના પોસઈશ્રી નાઓ દ્વારા હાલના ગુનાના કામે પંચનામુ કરવાનુ હોવાથી વાસદ પોસઈનો સદર સાહેદના મોબાઈલ નંબર ઉપર ફોન આવેલો અને આણંદ રેલ્વે સ્ટેશનના સીસીટીવી સર્વેલન્સ રૂમમાં બોલાવેલ જ્યાં લગભગ સાડા દશ થી અગીયાર વાગ્યાના અરસામાં આણંદ સીસીટીવી સર્વેલન્સ રૂમમાં તેઓ પહોંચેલા અને તે વખતે ત્યા પોસઈશ્રી વાસદ નાઓ તેમજ બંને આરોપીઓ સલમાન શેખ તેમજ તોહીદ અંસારી નાઓ હાજર હતા અને પોસઈશ્રીએ બંને આરોપીઓનો પંચ સાહેદને પરીચય આપેલો અને જણાવેલુ કે આ ગુનાના બે આરોપીઓ છે અને આ ગુનાના કામે સીસીટીવીમાં જે કાંઈ દેખાય તે મુજબનું પંચનામુ કરવાનુ છે. ત્યારબાદ ત્યાં સર્વેલન્સ રૂમમાં હાજર ઓપરેટર નાઓએ તા.૩/૨/૨૦૨૪ નારોજ ના સીસીટીવી કુટેજ ચાલુ કરેલા, જે કુટેજમાં આ બંને આરોપીઓ ટીકીટ બારી ખાતે ટીકીટ લેવા જતા માલુમ પડેલા અને આ બંને આરોપીઓ પૈકી સલમાનના હાથમાં સળીયા હતા અને તોહીદના હાથમાં એક બેગ હતી અને એક કાપડમાં વિંટાળેલ છરો હતો તે દેખાયેલો. ત્યારબાદ બીજા સીસીટીવી કુટેજમાં આ બંને આરોપીઓ ત્યાથી ટીકીટ લઈને રેલ્વે પ્લેટફોર્મ પર જતા જોયેલા અને ત્યારબાદ પ્લેટફોર્મના સીસીટીવી કુટેજમાં બીજા માણસો સાથે

ઉભેલા હોવાનું જોયેલુ. ત્યારબાદ તે પ્લેટફોર્મ ઉપર રાતના પોણા બાર વાગ્યાના અરસામાં એક ટ્રેન આવતી દેખાયેલી, તે ટ્રેનમાં આ બંને આરોપીઓ ચઢતા દેખાયેલ. આ તમામ કુટેજો પંચોની હાજરીમાં પોલીસે એક પેનડ્રાઈવમાં લઈ પેનડ્રાઈવને પંચોની હાજરીમાં કબ્જે કરેલ. સદર સાહેદે આ કામે આંક–૩૦ ના પંચનામામાં તેઓની તથા બીજા પંચની સહી ઓળખાવેલ છે.

બચાવપક્ષ દ્વારા કરવામાં ઉલટતપાસમાં સદર સાહેદે જણાવેલ છે કે, તેઓ આણંદ જીલ્લા પંચાયતમાં સિંચાઈ વિભાગમાં નાયબ હિસાબનીશ તરીકે ફરજ બજાવે છે જેમાં તેમની ફરજમાં એકાઉન્ટનું કામ આવે. સાહેદે સ્વીકારેલ છે કે તેઓ હાલના કામ ઉપરાંત અન્ય એક કેસમાં પંચ તરીકેની કામગીરી કરેલી. સાહેદે સ્વીકારેલ છે કે પોલીસે સીસીટીવી અંગેનું પંચનામુ કરવાનુ હોવાની માહિતી આપેલી. સાહેદે સ્વીકારેલ છે કે પંચનામાના સ્થળે તેઓની સાથે બીજા પંચ હેરીભાઈ રાજેશભાઈ નાઓ પણ હાજર હતા. સાહેદે સ્વીકારેલ છે કે તેઓ રેલ્વે સ્ટેશનથી સીધા સીસીટીવી સર્વેલન્સ રૂમમાં પહોંચેલા. સાહેદે સ્વીકારેલ છે કે સ્થળ ઉપર પોલીસે બંને આરોપીઓ બતાવેલા. સાહેદે સ્વીકારેલ છે કે આરોપીઓને તેઓ અગાઉ મળેલ હોય તેવુ બનેલ નહી. સાહેદે સ્વીકારેલ છે કે પંચનામાની હકીકતો હુ લખાવતો હોઉ અને પોલીસે લખી લીધેલ હોય તેવુ બનેલ નહી. સાહેદે સ્વીકારેલ છે કે પંચનામાની વિગત પોલિસે લખી લીધેલી અમોને સહી કરવાનું કહેતા સહી કરેલ હતી.

**(૧૫) --- ડોક્ટર સાહેદનો પુરાવો ---**

**(૧૫.૧)** ફરીયાદપક્ષે **સાહેદ નં.૯** તરીકે લાશનું પી.એમ. કરનાર ડો.અરીજીત અજય દત્તાને આંક–૪૦ થી તપાસેલા છે, જેઓએ પોતાના મૌખિક પુરાવામાં જણાવેલ છે કે, તેઓ હાલમાં શ્રીક્રિષ્ણા હોસ્પિટલ, કરમસદમાં એસોસીયેટ પ્રોફેસર તરીકે ફરજ બજાવે છે અને તા.૧૨/૦૨/૨૦૨૪ ના રોજ ફરજ ઉપર હાજર હતા ત્યારે ડી.વાય.એસ.પીશ્રી જે.એન.પંચાલ નાઓની લેખિત યાદી સાથે એક લાશ પેનલ ડોક્ટરથી પી.એમ. થવા સારૂ હે.કો રોનકકુમાર વિનોદભાઈ બ.નં.૧૪૧૭, વાસદ પો સ્ટે નાઓ સાંજના કલાક ૦૫/૩૦ વાગે લઈને આવેલા. સદર લાશનું પી.એમ. તેમને તથા તેમની સાથેના પેનલ ડોક્ટર ડો.પ્રદિપ રાણા તથા ડો.શિવાની પંચાલ નાઓએ તે જ દિવસે સાંજના ૦૫/૩૫ વાગે શરૂ કરીને સાંજના ૭/૩૦ વાગે પુરૂ કરેલુ. સદર લાશનું

બાહ્ય પરીક્ષણ કરતાં એક પુરૂષ વ્યક્તિની લાશ હતી જેનું માથુ નહતુ અને જમણા હાથની કોણી સુધી અને ડાબા હાથના કાંડા સુધી ધડનો ભાગ નહતો. ધડની પાછળની ચામડી ટી–૧ વર્ટીબ્રા સુધી જોડાયેલી હતી. પોલીસે આ લાશની સાથે એક ખોપડી કે જેમાં મેંડીબલ બોન ન હતો તે આપેલી. સદર લાશ ઉપર જોતાં સફેદ અને કાળા કલરનું જેકેટ જેમાં ડાબી સાઈડે આગળની બાજુ ઉપર તરફ અંગ્રેજીમાં PUMA લખેલુ હતુ અને જેમાં પાછળની તરફ મધ્યમાં જમણી બાજુ અંડાકાર આકારમાં ફાટી ગયેલુ હતુ તથા જેમાં પાછળની તરફ જમણી બાજુ નીચેની સાઈડે અનિયમીત આકારમાં ફાટી ગયેલુ હતુ. સફેદ કલરનો આખી બાયનો શર્ટ કે જેમાં હીયાન ડિઝાઈનર મેઈડ ઈન ઈન્ડિયાના લેબલ શર્ટના કોલરની અંદર લાગેલુ હતુ જે શર્ટની પાછળની તરફ નીચેની બાજુ અનિયમીત આકારમાં ફાટી ગયેલુ હતુ તેમજ શર્ટના જમણા હાથની બાયની આગળની તરફ બે અનિયમીત આકારથી ફાટી ગયેલુ હતુ. પીળા કલરનું આખી બાયનું ટી–શર્ટ હતુ કે જેમાં જમણી બાજુ આગળની બાજુ નીચે તરફ Ten Step લખેલુ હતુ જેમાં આગળની બાજુ ઉપરની તરફ મધ્યમાં ફાટી ગયેલુ હતુ તથા પાછળની તરફ જમણી બાજુ નીચે તરફ અંડાકાર આકારમાં ફાટી ગયુ હતુ. જેમાં પાછળની તરફ જમણી બાજુ મધ્યમાં અંડાકાર આકારમાં ફાટી ગયુ હતુ. કાળા અને સફેદ કલરનું બાય વગરનું બનિયાન હતુ જેમાં ખરાનું નિશાન હતુ અને જેની આગળની બાજુએ જમણી તર્ફ અનિયમીત આકારમાં ફાટી ગયેલુ હતુ તથા પાછળની બાજુએ જમણી તરફ નિચે અંડાકાર આકારમાં ફાટી ગયેલુ હતુ તેમજ પાછળની મધ્યમાં પણ અંડાકાર આકારમાં ફાટી ગયુ હતુ. એક બ્લ્યુ કલરનું જીન્સ કે જેમાં અંદરની તરફ Story Guys Jus Vintage લખેલુ હતુ તેમજ બ્રાઉન બ્લેક કલરનો પટ્ટો કે જેમાં મેટલનું સીલ્વર કલરનું બક્કલ હતુ અને જમણી સાઈડે ઈન્હેલર લટકેલુ હતુ. બ્લ્યુ કલરનું ટ્રેક પેન્ટ કે જેમાં ADIDAS લખેલુ હતુ અને તેમાં સીલ્વર કલરની મેટાલીક ચાવી તેના ડાબા ખિસ્સામાં હતી તથા એક મરૂન કલરની ચડ્ડી પહેરેલી હતી. સદર લાશ ઉપરના બધા કપડા શબના સડવાના પ્રવાહીથી ખરડાયેલા હતા અને ખરાબ વાસ આવતી હતી. કપડાઓ ઉપર કાળા કલરના લોહીવાળા ડાઘ જણાયેલા હતા. કપડા ઉપર લીલા અને સુકાયેલા ઘણા બધા પાંદડા હતા તેમજ ૦.૫ થી ૧.૨ સે.મી. લંબાઈના જીવડાં કપડા ઉપર હતા તથા આછા બદામી રંગના જીવડા પણ કપડા ઉપર જોવા

મળેલા. શબ વણ ઓળખાયેલુ હતુ. શબના જમણા હાથના બાવડા ઉપર ભગવાન શંકરનું અડધુ ટેટુ માર્ક લીલા અને લાલ રંગમાં હાજર હતુ. શબના સડવાથી શબનું શારીરિક બંધારણ જણાવી શકાય તેમ નહતુ. શબનું તાપમાન રૂમના તાપમાન જેટલુ હતુ. શબનું અકડાઈ જવાની પ્રક્રિયા સંપુર્ણપણે શબમાંથી પસાર થઈ ગયેલી હતી. મૃતદેહના સડવાના કારણે પી.એમ. લીવીડીટી જાણી શકાય તેમ નહતી. વધુમાં સદર ડોક્ટર સાહેદે લાશની આંતરીક તથા બાહ્ય ઈજાઓનું વિગતવાર વિસ્તૃત વર્ણન કરી ઉપરોક્ત જરૂરી તમામ સેમ્પલોને સીલબંધ કરી વધુ તપાસ અર્થે એફ.એસ.એલ ફોરવર્ડીંગ પત્ર સાથે મોકલી આપેલ. આ ઉપરાંત લાશ વણ ઓળખાયેલી હોય જેથી લાશ ઉપરથી જમણી બાજુ ઉપરના ભાગેથી ત્રીજા નંબરનો મોલર દાંત તથા જમણી હ્યુમેરસ ડી.એન.એ સેમ્પલ તરીકે લેવામાં આવેલ તેમજ જમણી બાજુનો બીજો મોલર દાંત શરીર ઉપરના જે કપડા હતા તે બ્લડગ્રુપિંગ માટે લીધેલા અને તે તમામને યોગ્ય રીતે સીલ કરી ફોરવર્ડીંગ પત્ર સાથે ત.ક.અમલદારને સુપ્રત કરેલ. સદર વણ ઓળખાયેલી હોય જેથી તેની ઉંમર નક્કી કરવા માટે તેની કમરના ભાગે એક્સ-રે લેવામાં આવેલો અને તે એક્સ-રે નો અભ્યાસ કરતાં સદર મરણજનારની ઉંમર ૨૦ થી ૨૫ વર્ષની વચ્ચે હોવાનું માલુમ પડેલુ.

વધુમાં, પી.એમ.રીપોર્ટના કોલમ નં.૧૭ માં જણાવેલી ઈજા નં.૧ અને ૨ ભારે, સામાન્ય ધારદાર વસ્તુથી થઈ શકે તેવી હતી તેમજ ઈજા નં.૩ અને ૪ એક બાજુ તિક્ષ્ણ ધાર વાળી વસ્તુથી થઈ શકે તેવી હતી. સદર મરણજનારના મોતનું કારણ FSL તેમજ DNA રીપોર્ટ આવવા પર મુલતવી રાખવામાં આવેલ અને શબ પરીક્ષણ કર્યા બાદ વાસદ પો સ્ટેના પોસઈ શ્રી એસ.આર.શેલાણા નાઓએ પ્રશ્નોત્તરી કરીને મૃત્યુ અંગેનો અભિપ્રાય માંગેલો જે પત્રના અનુસંધાનમાં તેમણે કરેલ પ્રશ્નોત્તરીનો જવાબ હાલના સાહેદ તથા તેમની સાથેના પેનલ ડોક્ટર નાઓએ સંયુક્ત રીતે આપેલો. સદર સાહેદે આંક-૪૧ વાળી પી.એમ. કરવા માટે લાશ સાથે મળેલી યાદી, આંક-૪૨ વાળો પી.એમ.રીપોર્ટ, આંક-૪૩ વાળુ કોઝ ઓફ ડેથ સર્ટીફીકેટ, આંક-૪૪ વાળુ પ્રશ્નોત્તરી સ્વરૂપનો અભિપ્રાય માંગતો પત્ર, આંક-૪૫ વાળો ત.ક.અમલદાર નાઓએ શબ પરીક્ષણ બાબતે જે પ્રશ્નોત્તરી કરેલી તેનો જવાબ આપેલો તે વિગેરે ઓળખી બતાવેલ છે.

વધુમાં, સદર સાહેદે મુદ્દામાલ આર્ટીકલ નં.૫ થી રજુ હથિયાર

જોઈને જણાવેલ છે કે મરણજનારને થયેલી ઈજા કે જે પી.એમ. નોટના કોલમ નં.૧૭ માં ઈજા નં.૧ અને ૨ દર્શાવેલી છે તે ઈજા આ હથિયારથી સંભવી શકે. સદર સાહેદે મુદ્દામાલ આર્ટીકલ નં.૪ ધારવાળા સળીયા જેવુ હથિયાર જોઈને જણાવેલ છે કે મરણજનારને થયેલી ઈજા કે જે પી.એમ. નોટના કોલમ નં.૧૭ માં ઈજા નં.૩ અને ૪ દર્શાવેલી છે તે ઈજા આવા હથિયારથી સંભવી શકે અને આવી ઈજાઓથી સામાન્ય રીતે મોત નિપજી શકે તેવો અભિપ્રાય આપેલો.

બચાવપક્ષ દ્વારા કરવામાં ઉલટતપાસમાં સદર સાહેદે જણાવેલ છે કે, લાશની સાથે પોલીસ યાદી તથા ઈન્કવેસ્ટ પંચનામુ મળેલ. સાહેદે સ્વીકારેલ છે કે પોલીસ યાદી અને ઈન્કવેસ્ટ પંચનામાનો અભ્યાસ કરીને પેનલ ડોક્ટરોએ પી.એમ. શરૂ કરેલ. સાહેદે સ્વીકારેલ છે કે પોલીસે આ ગુનાના કામના કોઈ આરોપીઓ કે હથિયારની વિગત જણાવેલ નહતી. સાહેદે સ્વીકારેલ છે કે તેમને આપવામાં આવેલ શબના બે ભાગ હતા. સાહેદે સ્વીકારેલ છે કે આ શબની તમામ મોટાભાગની માંસપેસીઓ સડી ગયેલ હતી. સાહેદે એ હકીકત સ્વીકારેલ નથી કે પી.એમ. રીપોર્ટના કોલમ નં.૧૭ માં જણાવ્યા મુજબની ઈજાઓ જંગલી પ્રાણી કે કુતરા, ભુંડ દ્વારા કે ગીધ્ધ જેવા પક્ષીઓ દ્વારા કરડવામાં આવે કે ચાંચ મારવામાં આવે તો થઈ શકે તેવી ઈજાઓ હતી. સાહેદે એ હકીકત સ્વીકારેલ નથી કે શબ ડિકંપોઝડ થઈ ગયેલ હોવાથી ઈજાઓ બાબતે ચોક્કસ અભિપ્રાય આપી શકાય નહી. સાહેદે એ હકીકત પણ સ્વીકારેલ નથી કે કોઈ વ્યક્તિ રેલ્વે મુસાફરી દરમ્યાન ચાલુ ટ્રેનમાંથી નીચે પડી જાય અને સખત તથા બોથડ સપાટી સાથે અથડાય તો પી.એમ. રીપોર્ટના કોલમ નં.૧૭ માં જણાવ્યા મુજબની ઈજાઓ થઈ શકે. સાહેદે એ હકીકત પણ સ્વીકારેલ નથી કે કોલમ નં.૧૭(૩) માં જણાવેલ ઈજા જીવતા માણસને થયેલ કે તેના મોત બાદ તે કહી શકાય નહી. સાહેદે એ હકીકત સ્વીકારેલ નથી કે મરણજનારનું મોત આકસ્મિક રીતે થયેલ હોય તેવુ પી.એમ. દરમ્યાન જણાયેલુ. સાહેદે એ હકીકત સ્વીકારેલ છે કે મૃત્યુ થવાનું ચોક્કસ કારણ પી.એમ. નોટમાં દર્શાવેલ નથી પરંતુ સાહેદે ખુલાસો કરતાં જણાવેલ છે કે આ શબનું માથુ અને ધડ અલગ હતુ જેથી એફ.એસ.એલ. ના અભિપ્રાય માટે રાખેલ હતુ.

(૧૬) **--- અન્ય સાહેદોનો પુરાવો ---**

(૧૬.૧) ફરીયાદપક્ષે **સાહેદ નં.૮** આણંદ રેલ્વે સ્ટેશનના ટ્રેક મેઈન્ટેનર ચંદનકુમાર અરવિંદસીંગ રાજપુતને આંક-૩૬ થી તપાસવામાં આવેલા છે. જેઓએ પોતાના મૌખિક પુરાવામાં જણાવેલ છે કે, તેઓ જુન-૨૦૨૩ થી રેલ્વે ખાતામાં ટ્રેક મેઈન્ટેનર તરીકે ફરજ બજાવે છે. બનાવ સમયે તેમની નોકરીનો સમય સવારના પાંચ થી બપોરના ત્રણ વાગ્યા સુધીનો હતો. બનાવ સમયે તેઓ મેઈન્ટેનન્સની સાથે અડાસ થી વડોદ વચ્ચેના રેલ્વે ટ્રેક પર પેટ્રોલીંગનું કામ કરતા હતા. બનાવ ફેબ્રુઆરી-૨૦૨૪ માં બનેલો ત્યારે તેઓ અડાસ થી વડોદ તરફના રેલ્વે ટ્રેક પર પાંચ વાગે પેટ્રોલીંગ માટે નીકળેલા અને પેટ્રોલીંગ કરીને પાછા જતા હતા ત્યારે કિ.મી.૪૨૧/૨૫ થી ૨૭ ની વચ્ચે એક જગ્યા ઉપર કુતરાઓ કોઈ વસ્તુને ખેંચતા હતા જેથી હાલના સાહેદ અને જાવેદઆલમે તેમના સ્ટેશન ઈન્ચાર્જને આ બાબતની સુચના આપેલી. ત્યારબાદ ત્યાં પોલીસ આવેલી. તે જગ્યાએ કોઈ ઈસમની લાશ હતી જેને કુતરાઓ ખેંચતા હતા. આ લાશ જોતાં તેમાં માત્ર ધડનો ભાગ હતો, માથાનો હિસ્સો લાશ ઉપર નહતો. આ લાશમાંથી વાસ આવતી હતી અને જીન્સ તથા ઉપર ટીશર્ટ પહેરેલી હતી. તેઓએ જ્યારે જોયુ ત્યારે લાશ ચુંથાયેલી હતી તથા કોણી સુધીની ચામડી ઉતરી ગયેલી હતી અને માંસના કુચ્ચા નીકળી ગયા હતા. આ લાશ જાનવરોએ કોચી ખાધેલ હોવાનું જણાતુ હતુ. આ લાશના માથાનો ભાગ લાશથી થોડે દુર પડેલો મળેલો. આ લાશ પુરૂષની હતી જેની ઉંમર ચોક્કસ રીતે કહી શકાય તેમ નહતી. આ લાશના પેન્ટના ખિસ્સામાંથી એક મોબાઈલ મળી આવેલ તે મોબાઈલ તથા લાશે પહેરેલ કપડા પોલીસે સાહેદ રૂબરૂ કબ્જે કરેલા. વધુમાં સદર સાહેદે કબ્જે લેવાયેલ મુદ્દામાલ મોબાઈલ, કાળા કલરનું જીન્સ પેન્ટ તથા સફેદ કલરની ટીશર્ટ બતાવેલ નહી પરંતુ આંક-૩૭ થી રજુ અસલ જાહેરાતને ઓળખી બતાવેલ છે.

બચાવપક્ષ દ્વારા કરવામાં ઉલટતપાસમાં સદર સાહેદે જણાવેલ છે કે, પોલીસને કરેલી જાહેરાત પોલીસ સ્ટેશને આપેલી. સાહેદે સ્વીકારેલ છે કે તેઓને ગુજરાતી વાંચતા નથી આવડતુ. સાહેદે સ્વીકારેલ છે કે તેઓએ આપેલી જાહેરાત ગુજરાતી ભાષામાં છે. સાહેદે સ્વીકારેલ છે કે તેમને ગુજરાતી આવડતુ ના હોય તેઓએ આપેલી જાહેરાતમાં પોલીસે શુ લખેલ હશે તેની ખબર નથી. સાહેદે સ્વીકારેલ છે કે તેમના અધિકારીને કયા મોબાઈલ નંબરથી ફોન કરેલો તે જાહેરાતમાં દર્શાવેલ નથી. સાહેદે

સ્વીકારેલ છે કે તેઓએ જોયેલી લાશની ઓળખ થયેલી નહતી. સાહેદે સ્વીકારેલ છે કે આ લાશ આ જગ્યાએ કેવી રીતે પડેલી તે તેઓએ નજરે જોયેલ નહી.

(૧૬.૨) ફરીયાદપક્ષે **સાહેદ નં.૧૦** તરીકે વડોદ રેલ્વે સ્ટેશનના સ્ટેશન અધિક્ષક સદાશીવ પ્રસન્નસીંગ ઉપેન્દ્ર નારાયાણ નાઓને આંક-૪૮ થી તપાસવામાં આવેલા છે. જેઓએ પોતાના મૌખિક પુરાવામાં જણાવેલ છે કે, તેઓ સને-૨૦૨૨ થી વડોદ રેલ્વે સ્ટેશન ખાતે સ્ટેશન અધિક્ષક તરીકે ફરજ બજાવતા હતા અને ગઈ તા.૧૮/૨/૨૦૨૪ ના રોજ પોસઈ શ્રી આર.એસ.શેલાણા, વાસદ પો.સ્ટે નાઓએ સદર ગુનાના કામે આણંદ થી વડોદરા તથા વડોદરાથી આણંદ તરફ જતી ટ્રેનની માહિતી આપવા યાદી કરેલી જે યાદી મુજબ તા.૦૩/૦૨/૨૦૨૪ ના કલાક ૨૧/૦૦ થી તા.૦૪/૦૨/૨૦૨૪ ના કલાક ૧૦/૦૦ સુધીના સમયમાં વડોદ રેલ્વે સ્ટેશન, અડાસ રેલ્વે સ્ટેશન ઉપર પસાર થયેલ તમામ ટ્રેનની વિગતો આપવા જણાવેલ હતુ. જેથી પોસઈશ્રીના માંગ્યા મુજબની માહિતી સાહેદે પોતાના હસ્તાક્ષરમાં તૈયાર કરીને તેઓને સુપ્રત કરેલી. સાહેદે આંક-૪૯ થી રજુ યાદી તેમજ ટ્રેનની માહિતી આપતુ પત્રક ઓળખી બતાવેલ છે.

બચાવપક્ષ દ્વારા કરવામાં ઉલટતપાસમાં સદર સાહેદે જણાવેલ છે કે, તા.૦૩/૦૨/૨૦૨૪ અને તા.૦૪/૦૨/૨૦૨૪ ની વચ્ચે કોઈ રેલ્વે અકસ્માત થયેલ કે કેમ તે તેઓ કહી શકેલ નહી. સાહેદે સ્વીકારેલ છે કે આવો કોઈ બનાવ બન્યો હોય અને કોઈએ તે ટ્રેનની ચેઈન પુલીંગ કરેલ હોય તેવુ તેઓના ધ્યાનમાં નથી. સાહેદે સ્વીકારેલ છે કે સુપર ફાસ્ટ ગુજરાત એક્સપ્રેસ ટ્રેન આણંદથી ઉપડે ત્યારે સૌપ્રથમ વડોદ સ્ટેશને થી પસાર થાય છે અને સામાન્ય રીતે આણંદ થી વડોદ પહોંચતા ટ્રેનને ૫ થી ૬ મીનીટ લાગતી હોય છે.

(૧૬.૩) ફરીયાદપક્ષે **સાહેદ નં.૧૧** સાહેદ સુરેશભાઈ નટવરલાલ લબાનાને આંક-૫૩ થી તપાસવામાં આવેલા છે. જેઓ ફરીયાદ સાથે રજુ પોતાના નિવેદનમાં જણાવેલ મહત્ત્વની હકીકતને સમર્થન આપતાં ન હોય તેઓને એપીપીશ્રીની રજુઆતને આધારે ફરી ગયેલા સાહેદ જાહેર કરી ભારતીય પુરાવા અધિનીયમની કલમ-૧૫૪ મુજબ સુચક પ્રશ્નો પુછવામાં આવેલ, તેમ છતાં તેઓએ પોતાના નિવેદનની હકીકતને સમથન આપેલ નથી.

**(૧૬.૪)** ફરિયાદપક્ષે **સાહેદ નં.૧૨** સાહેદ સાબાઝ અબ્બાસ અન્સારીને આંક–૫૫ થી તપાસવામાં આવેલા છે. જેઓ ફરીયાદ સાથે રજુ પોતાના નિવેદનમાં જણાવેલ મહત્ત્વની હકીકતને સમર્થન આપતાં ન હોય તેઓને એપીપીશ્રીની રજુઆતને આધારે ફરી ગયેલા સાહેદ જાહેર કરી ભારતીય પુરાવા અધિનીયમની કલમ–૧૫૪ મુજબ સુચક પ્રશ્નો પુછવામાં આવેલ, તેમ છતાં તેઓએ પોતાના નિવેદનની હકીકતને સમથન આપેલ નથી.

**(૧૬.૫)** ફરિયાદપક્ષે **સાહેદ નં.૧૩** સાહેદ સોહેલ અસ્લમ અન્સારીને આંક–૫૬ થી તપાસવામાં આવેલા છે. જેઓ ફરીયાદ સાથે રજુ પોતાના નિવેદનમાં જણાવેલ મહત્ત્વની હકીકતને સમર્થન આપતાં ન હોય તેઓને એપીપીશ્રીની રજુઆતને આધારે ફરી ગયેલા સાહેદ જાહેર કરી ભારતીય પુરાવા અધિનીયમની કલમ–૧૫૪ મુજબ સુચક પ્રશ્નો પુછવામાં આવેલ, તેમ છતાં તેઓએ પોતાના નિવેદનની હકીકતને સમથન આપેલ નથી.

**(૧૬.૬)** ફરિયાદપક્ષે **સાહેદ નં.૧૪** સાહેદ અશરદ યુસુફભાઈ પઠાણને આંક–૫૭ થી તપાસવામાં આવેલા છે. જેઓ ફરીયાદ સાથે રજુ પોતાના નિવેદનમાં જણાવેલ મહત્ત્વની હકીકતને સમર્થન આપતાં ન હોય તેઓને એપીપીશ્રીની રજુઆતને આધારે ફરી ગયેલા સાહેદ જાહેર કરી ભારતીય પુરાવા અધિનીયમની કલમ–૧૫૪ મુજબ સુચક પ્રશ્નો પુછવામાં આવેલ, તેમ છતાં તેઓએ પોતાના નિવેદનની હકીકતને સમથન આપેલ નથી.

**(૧૬.૭)** ફરિયાદપક્ષે **સાહેદ નં.૧૫** સાહેદ રોહીત શિવકૈલાસ રાવતને આંક–૫૯ થી તપાસવામાં આવેલા છે. જેઓ ફરીયાદ સાથે રજુ પોતાના નિવેદનમાં જણાવેલ મહત્ત્વની હકીકતને સમર્થન આપતાં ન હોય તેઓને એપીપીશ્રીની રજુઆતને આધારે ફરી ગયેલા સાહેદ જાહેર કરી ભારતીય પુરાવા અધિનીયમની કલમ–૧૫૪ મુજબ સુચક પ્રશ્નો પુછવામાં આવેલ, તેમ છતાં તેઓએ પોતાના નિવેદનની હકીકતને સમથન આપેલ નથી.

**(૧૭)** **––– પોલીસ સાહેદનો પુરાવો –––**

**(૧૭.૧)** ફરીયાદપક્ષે **સાહેદ નં.૧૬** તરીકે વાસદ પો.સ્ટે.ના પોસઈ શ્રી રાણાભાઈ સુરાભાઈ શેલાણાએ આંક–૬૧ થી તપાસેલા છે, જેઓએ પોતાના મૌખિક પુરાવામાં જણાવેલ છે કે, તા.૧૨/૦૨/૨૦૨૪ ના રોજ તેઓ વાસદ પો.સ્ટે પોસઈ તરીકે ફરજ બજાવતાં હતા ત્યારે ચંદનકુમાર અરવિંદસિંઘ રાજપુત, રહે–અડાસ રેલ્વે ફાટક નાઓ પો.સ્ટે આવેલા અને અકસ્માત મોતની જાહેર ખબર આપેલી જે તેઓના લખાવ્યા પ્રમાણે લખી લઈ તેને અમોત નં.૬/૨૦૨૪ થી સ્ટે.ડા માં નોંધ કરેલી. સદર

અમોતની તપાસના કામે જાહેરાત આપનાર ચંદનકુમાર ગુનાવાળી જગ્યા બતાવતા હોય બે પંચોને સાથે રાખી વડોદ ગામની સીમમાં અમદાવાદથી વડોદરા તરફના રેલ્વે ટ્રેક કિ.મી. નં.૪૨૧/૨૫ થી ગયેલા અને ત્યાંથી વીસેક ફુટ દુર પડતર જગ્યામાં એક લાશ જોયેલી જેમાં લાશનો કમરથી નીચેનો પગ સુધીનો ભાગ પડેલો હતો તેમજ તેનાથી થોડે દુર કમરથી છાતી સુધીનો ભાગ તથા બંને હાથ બ્લોકની બહાર પડેલા હતા અને આ ધડવાળી જગ્યાએથી પાંચેક ફુટ દુર એક માનવ કંકાલની ખોપડી પડેલી હતી જે ગુનાવાળી જગ્યાનું પંચોની હાજરીમાં પંચનામુ કરી તથા લાશનું ઈન્કવેસ્ટ ભરવા સારૂ એક્ઝી.મેજી. આણંદ ગ્રામ્ય નાઓને યાદી કરી અને તે યાદી પરત્વે એક્ઝી.મેજી. નાઓએ ઈન્કવેસ્ટ ભરવાં અમોને અધિકાર આપતાં બે પંચોને હાજર રાખી મરણજનારની લાશનું વિગતવારનું પંચનામુ કરેલુ. ત્યારબાદ લાશ ઉપર મરણોત્તર ફોર્મ ભરી લાશનું પી.એમ. થવા સારૂ શ્રીક્રિષ્ણા હોસ્પિટલ, કરમસદ ખાતે ના.પો.અધિ.શ્રી આણંદના ફોરવર્ડીંગ પત્ર સાથે હે.કો. રોનકકુમાર વિનોદભાઈ સાથે મોકલી આપેલ. સદર લાશના સ્થળ પરીક્ષણ દરમ્યાન આસમાની કલરનું જીન્સનું પેન્ટ, સફેદ કલરની આખી બાયનું શર્ટ, પીળા કલરની ટીશર્ટ, સલેટીયા કલરનું જેકેટ, એક રૂદ્રાક્ષની માળા તેમજ મહાકાલ લખેલુ કાળુ રબર બેન્ડ તથા એક રીયલમી કંપનીનો એન્ડ્રોઈડ મોબાઈલ મળી આવેલો જે તપાસના કામે સામેલ રાખેલો. સદર ગુનાની તપાસ દરમ્યાન લાશના પેન્ટના ખિસ્સામાંથી મળી આવેલ મોબાઈલમાં રહેલ સીમકાર્ડના આધારે આગળની તપાસ કરેલી અને સીડીઆરના આધારે અમદાવાદ ખાતેના ચાર મોબાઈલ નંબરો બાબતે જાણ થતાં તે અંગે તપાસ કરતાં રોહિત શીવકૈલાશ રાવત, પ્રવિણકુમાર રામખિલાવંત પાસવાન, ધર્મેન્દ્રકુમાર ગુલાબભાઈ યાદવ અને અરવિંદ રામલાલ પાસવાન નાઓના નંબર હોવાનું જાણવા મળેલુ જેથી તેઓની તપાસ કરતાં તેઓ મળી આવેલા અને તેઓના વિગતવારના નિવેદનો મેળવેલા અને તેઓને મોબાઈલ તેમજ લાશ ઉપરથી મળી આવેલ વસ્તુઓ કપડાં વિગેરે બતાવતા આ લાશ અમીત ઉદયભાણની હોવાનું તેઓએ ઓળખી બતાવેલુ. ત્યારબાદ ઉપરોક્ત વ્યક્તિઓના નિવેદનના આધારે એવુ જાણવા મળેલ કે ગુજરનાર અમિત રેલ્વે સ્ટેશને ગયેલો, જેથી તેઓને સાથે રાખી અમદાવાદ કાલુપુર રેલ્વે સ્ટેશન ખાતે ગયેલા અને રેલ્વે સ્ટેશને સીસીટીવી ચેક કરવા માટે યાદી આપેલી જે આધારે

તા.૦૩/૦૨/૨૦૨૪ ના સીસીટીવી ફુટેજ ચેક કરતાં ગુજરાત મેઈલ એક્સપ્રેસમાં જનરલ કોચમાં લાશ ઉપરથી મળી આવેલ કપડાં જેવા જ કપડાં પહેરેલ એક વ્યક્તિ બેસતો જણાઈ આવેલો અને તપાસમાં સાથે આવેલા અમીતના મિત્રોએ સીસીટીવી ફુટેજમાં અમીતને ઓળખી બતાવેલો. ત્યારબાદ તપાસના કામે આણંદ રેલ્વે સ્ટેશને જઈ તા.૦૩/૦૨/૨૦૨૪ ના રોજના સીસીટીવી ફુટેજ ચેક કરતાં ગુજરાત મેઈલ એક્સપ્રેસના જનરલ કોચમાં મરણજનાર અમીત ઉભેલ હોવાનું જણાઈ આવે છે અને ટ્રેન ઉભી રહેતા તે પ્લેટફોર્મ પર ઉતરે છે અને ત્યારબાદ ટ્રેન ઉપડવાના સમયે હાલના કામના આરોપીઓ તેમજ મરણજનાર અમીત સાથે જ ટ્રેનના દરવાજા ઉપર ઉભેલા હોવાનું જોવા મળેલ. આ આરોપીઓના હાથમાં સળીયા તેમજ નાની થેલી જેવુ જોવા મળેલુ. ત્યારબાદ વડોદરા રેલ્વે સ્ટેશને જઈ અને ગુજરાત મેઈલ એક્સપ્રેસ રેલ્વે સ્ટેશને આવતા સમયના સીસીટીવી ફુટેજ ચેક કરતાં આરોપીઓ તે ટ્રેનના જનરલ ડબ્બામાંથી નીચે ઉતરતાં જણાઈ આવેલા પરંતુ મરણજનાર અમીત તે ટ્રેનના ડબ્બામાંથી નીચે ઉતરતો કે દરવાજા પાસે બેસેલો હોવાનું જણાઈ આવેલ નહી. ઉપરોક્ત સીસીટીવી ફુટેજમાં આરોપીઓ શંકાસ્પદ લાગતાં અમો આણંદ ખાતે આવેલ નેત્રમ શાખામાં તા.૦૩/૦૨/૨૦૨૪ ના રોજના સીસીટીવી ફુટેજ ચેક કરતાં આરોપીઓ રેલ્વે સ્ટેશન બહારના નેત્રમના કેમેરામાં જણાઈ આવેલા, ત્યારબાદ ગણેશ ચોકડીના નેત્રમ કેમેરા ચેક કરતાં તેમાં પણ જણાઈ આવેલા, ત્યારબાદ બોરસદ ચોકડી તરફના નેત્રમના કેમેરા ચેક કરતાં એક પાર્ટી પ્લોટમાંથી આ ઈસમો બહાર નીકળતાં જણાઈ આવેલા. ત્યારબાદ સાહેદે નેત્રમ સીસીટીવી કેમેરાના ફુટેજ પોતાના મોબાઈલમાં લઈ ગણેશ ચોકડી થી બોરસદ ચોકડી તરફ આવેલ આવેલ પાર્ટી પ્લોટમાં તપાસ કરતાં ત્યાં સુરેશભાઈ નામના વ્યક્તિ કે જે કેટરીંગનું કામ સંભાળતા હતા તેઓને મળી નેત્રમના સીસીટીવી ફુટેજમાં રહેલ ઈસમોને બતાવતાં તેમને જણાવેલુ કે આ વ્યક્તિઓ તા.૦૩/૦૨/૨૦૨૪ નારોજ પાર્ટી પ્લોટમાં પ્રસંગના કામે તંદુરી રોટી બનાવવા આવેલા અને તેઓને અરશદભાઈ કે જે વડોદરા મુકામે રહે છે તેઓએ મોકલેલા. જેથી સુરેશભાઈ પાસેથી અરશદભાઈનું નામ સરનામુ મોબાઈલ નંબર મેળવી અરશદભાઈનું તપાસના કામે સંપર્ક કરી અરશદભાઈને સીસીટીવી ફુટેજ બતાવતાં આરોપીઓના નામ સરનામા જાણવા મળેલા. ત્યારબાદ અરશદભાઈને

આ ઈસમોની પુછપરછ કરવા બોલાવવાનું કહેતા તેઓએ જણાવેલ કે આ બંને છોકરાઓ વડોદરા ખાતે રહે છે અને હાલમાં ભાવનગર કામે ગયેલા છે. આ અરશદભાઈ સાથે મળી આવેલ સાવેજ નામના ઈસમની પુછપરછ કરતાં તેણે જણાવેલ કે, અમારી સાથેના સલમાન સિદ્દીકી નાઓએ જે તે બનાવના દિવસે પરત ઘરે પહોંચીને જણાવતાં હતા કે હવે આપણે આણંદ કામ માટે નહી જઈએ, અમે ટ્રેનમાં બેઠા હતા ત્યારે અમારી સાથેનો એક છોકરો ટ્રેનમાંથી નીચે પડી ગયેલો જેથી તેમને ડર લાગે છે. જેથી આ વ્યક્તિઓ ઉપર શંકા જતાં અરશદભાઈને કહી તેઓને હાજર રાખવા જાણ કરેલી. ત્યારબાદ તેઓ હાજર થતાં તેઓની પુછપરછ કરી તેઓના લખાવ્યા પ્રમાણે નિવેદન લખી લીધેલ. ત્યારબાદ તપાસ દરમ્યાન પી.એમ. રીપોર્ટના આધારે કોગ્નીઝેબલ ગુનો બનતો હોવાની હકીકત જાણવા મળેલ તેમજ મરણજનારના પિતા ઉદયભાણ રામકુમાર યાદવ નાઓની ફરીયાદ હકીકત જાહેર થતાં તેઓના લખાવ્યા પ્રમાણે ફરીયાદ હકીકત લખી લીધેલ. સદર ગુનાના કામે આરોપી સામે અટક કરવા જેટલો પુરતો પુરાવો મળી આવતાં આરોપીઓના શરીરસ્થિતીનું પંચનામુ કરી આરોપીઓને અટક કરી તેઓની પુછપરછ દરમ્યાન આરોપીઓ કંઈક કહી બતાવવા માંગતા હોય જેથી પંચોને હાજર રાખી આંક–૨૩ વાળુ પંચનામુ કરેલ. વધુમાં સદર ત.ક.અમલદાર પોતાના પુરાવાથી તપાસને સમર્થન કરતાં જણાવેલ છે કે, સદર ગુનાના કામે આરોપીઓના શરીરસ્થિતીના પંચનામા દરમ્યાન મળી આવેલ સેમસંગ કંપનીનો તેમજ ઓપ્પો કંપનીનો મોબાઈલ પંચનામાની વિગતે કબ્જે કરેલ તેમજ સદર ગુનાની તપાસ દરમ્યાન મરનજનારના પી.એમ. દરમ્યાન મરણજનારના કપડાં તેમજ રીયલમી કંપનીનો મોબાઈલ ડો.શ્રીએ કબ્જે કરી હે.કો.રોનકકુમાર સાથે પો.સ્ટે મોકલાવતાં પંચનામુ કરી મોબાઈલ તેમજ કપડાં પંચનામાની વિગતે કબ્જે લીધેલ. સદર ગુનાની તપાસ દરમ્યાન પંચો રૂબરૂ સીસીટીવી કુટેજ કબ્જે કરી તે કુટેજ બે પેનડ્રાઈવમાં કોપી કરી તપાસના કામે પંચનામાની વિગતે સામેલ રાખેલા. સદરહું તપાસ દરમ્યાન વડોદરા રેલ્વે સ્ટેશનના સીસીટીવી કુટેજ પો.કો. મયુરસિંહ અર્જુનસિંહ પેનડ્રાઈવમાં મેળવી તે કુટેજ રજુ કરતાં પંચનામાની વિગતે તપાસના કામે પેનડ્રાઈવ કબ્જે કરેલ. સદર ગુનાની તપાસ દરમ્યાન ગુજરાત મેઈલ એક્સપ્રેસ ગાડી નં.૧૨૯૦૨ ના કોચ નં. ૧૮૪૨૯૧/સી ના કોચમાં એફ.એસ.એલ. અધિકારીને હાજર રાખી

તપાસ કરી અને તે અંગેનું પંચનામુ કરેલ. સદર તપાસ દરમ્યાન એફ.એસ.એલ. અધિકારી નાઓને લાશ મળી તે જગ્યાએ સ્થળ પરીક્ષણ કરવા કંટ્રોલ દ્વારા મેસેજ કરાવેલો અને એફ.એસ.એલ. અધિકારી નાઓએ સ્થળ પરીક્ષણ કરી અહેવાલ રજુ કરતાં તપાસના કામે સામેલ રાખેલ. સદર ગુનાના કામે પી.એમ. રીપોર્ટ તેમજ કોઝ ઓફ ડેથ સર્ટીફીકેટ મેળવી તપાસના કામે સામેલ રાખેલ. સદર ગુનાના કામે પી.એમ. રીપોર્ટના સંદર્ભમાં મેડીકલ ઓફીસરશ્રી, શ્રીક્રિષ્ણા હોસ્પિટલ નાઓને પ્રશ્નોત્તરી અંગે અભિપ્રાય આપવા યાદી મોકલેલ. સદર ગુનાની તપાસ દરમ્યાન ગુનાવાળી જગ્યાનો નકશો બનાવવા ટી.ડી.ઓ શ્રી આણંદ ગ્રામ્ય નાઓને યાદી કરેલ. સદર ગુનાની તપાસ દરમ્યાન આરોપીઓએ એકબીજાને મદદગારી કરેલ હોય અને પુરાવાનો નાશ કરેલો હોય જેથી આણંદના મહે. ત્રીજા એડી.ચીફ જ્યુ.મેજી.સાહેબશ્રી નાઓને સદર ગુનાના કામે ઈપીકો કલમ-૧૧૪ તેમજ ૨૦૧ મુજબનો ઉમેરો કરવા રીપોર્ટ કરેલ. સદર ગુનાના કામે સાહેદ સોહેલ અસલમ તેમજ સાબાજ ઉર્ફે સાવેજ નાઓને સી.આર.પી.સી. કલમ-૧૬૪ મુજબ નિવેદન મેળવવા નામદાર આણંદ કોર્ટને યાદી કરેલ. સદર ગુનાની તપાસ દરમ્યાન આર.પી.એફ. પોલીસ આણંદ રેલ્વે સ્ટેશન નાઓને સીસીટીવી ફુટેજ આપવા યાદી કરેલ. સદર ગુનાની તપાસ દરમ્યાન પંચનામા માટે સરકારી કર્મચારી ફાળવવા માટે યાદી કરેલ. સદર ગુનાની તપાસ દરમ્યાન નોડલ ઓફીસર, મોબાઈલ સર્વિસ પ્રોવાઈડરને સી.ડી.આર, એસ.ડી.આર, સી.એ.એફ આપવા માટે યાદી કરેલ. અમોત નં.૬/૨૦૨૪ ના કામે મરણજનારની લાશ બિનવારસી હોય તેની તપાસ માટે મીસીંગ સેલ તેમજ જીલ્લાના અન્ય પોલીસ સ્ટેશનોમાં જાણ કરેલ. સદર ગુનાની તપાસ દરમ્યાન બનાવવાળી જગ્યાએ મળી આવેલ લાશના ફોટા મોબાઈલમાં પાડી તેની પ્રિન્ટ તપાસના કામે સામેલ રાખેલી. તપાસ દરમ્યાન પંચનામાની વિગતે જે કોઈ મુદ્દામાલ કબ્જે કરેલ તે રવાનગી નોંધ સાથે એફ.એસ.એલ. ખાતે મોકલી આપેલ. તપાસમાં મળેલા પુરાવાના આધારે આરોપીઓ સાથે ચાર્જશિટ કરવા જેટલો પુરતો પુરાવો હોય નામદાર કોર્ટમાં ચાર્જશિટ દાખલ કરેલ.

સદર સાહેદ ત.ક.અમલદારશ્રી નાઓએ આંક-૬૨ થી રજુ અસલ ફરીયાદ, આંક-૧૪ થી રજુ અમોતના કામે કરેલ ગુનાવાળી જગ્યાનું પંચનામુ, આંક-૬૩ થી રજુ ઈન્કવેસ્ટ ભરવાની યાદી, આંક-૬૪ થી

રજુ મરણોત્તર ફોર્મ, આંક–૧૯ થી રજુ ઈન્કવેસ્ટ પંચનામુ, આંક–૨૩ થી રજુ ડિસ્કવરી પંચનામુ, આંક–૩૦ થી રજુ પેનડ્રાઈવ કબ્જે કર્યાનું પંચનામુ, આંક–૬૫ થી રજુ ગુજરાત મેઈલના જનરલ કોચનું પંચનામુ, આંક–૬૬,૬૭ થી રજુ સ્થળ પરીક્ષણ અહેવાલ, આંક–૬૮ થી રજુ પી.એમ. કરવા યાદી, આંક–૬૯ થી રજુ ના.પો.અધિ.શ્રી નાઓને પેનલ ડોક્ટરથી પી.એમ. કરવા બાબતે જે યાદી લખેલી તે, આંક–૭૦,૭૧ થી રજુ લાશ સોંપ્યાની તેમજ લાશ સંભાળ્યા અંગેની પાવતી, આંક–૪૪ વાળી પી.એમ. અંગેના પ્રશ્નોત્તરી બાબતે અભિપ્રાય આપવાની યાદી, આંક–૭૨ થી રજુ નકશો બનાવવાની યાદી, આંક–૭૩ થી ૭૬ થી રજુ રવાનગી પત્રક, આંક– ૭૭ થી ૮૧ થી રજુ એફ.એસ.એલની મુદ્દામાલ મળ્યા અંગેની પાવતીઓ, આંક–૮૨ થી રજુ કલમ ઉમેરાનો રીપોર્ટ, આંક–૮૩ થી રજુ સાહેદોના કલમ–૧૬૪ ના નિવેદન માટેનો રીપોર્ટ, આંક–૮૪ થી રજુ સીસીટીવી ફુટેજ મેળવવાની યાદી, આંક–૮૫ થી રજુ સેક્શન એન્જીનીયર ટેલીકોમ આણંદ રેલ્વે નાઓએ સીસીટીવી ફુટેજ બાબતે જે પ્રત્યુત્તર આપેલો તે, આંક–૮૬,૮૭ થી રજુ પંચ ફાળવવા માટેની યાદીઓ, આંક–૮૮ થી ૯૧ સી.ડી.આર મેળવવા માટેના ફોર્મ, આંક–૯૨ થી રજુ એલ.સી.બી. શાખાને કરેલ યાદી, આંક–૯૩ થી ૯૮ થી રજુ વી.એચ.એફ. મેસેજ, મેસેજ ફોર્મ, સ્પે.રીપોર્ટ તેમજ મેસેજ ફોર્મ, આંક–૯૯ થી રજુ સુચીપત્ર, આંક–૧૦૦ થી રજુ ગુનાના કામે સુચીપત્ર, આંક–૧૦૧ થી રજુ મરણજનારના ફોટાઓ, આંક–૧૦૨ થી ૧૦૫ થી રજુ ડિ.એફ.એસ. ફોરવર્ડીંગ પત્ર, ડિ.એફ.એસ. નો પેનડ્રાઈવ અંગેનો રીપોર્ટ, પુરાવાના કાયદાની કલમ–૬૫બી(૪સી) મુજબનું પ્રમાણપત્ર તેમજ ગુનાવાળી જગ્યાનો નકશો, આંક–૩૭ વાળી જાહેરાત આંક–૧૦૬ થી રજુ સીસીટીવી ફુટેજ માટેની યાદી, આંક–૧૦૭ થી રજુ ટેલીફોન વર્ધી, આંક–૧૦૮ થી રજુ ગુનાવાળી જગ્યાના નકશા સાથેનો ફોરવર્ડીંગ પત્ર, આંક–૧૦૯ થી ૧૧૪ વાળા એફ.એસ.એલ. ફોરવર્ડીંગ પત્ર, ઝેરશાસ્ત્ર વિભાગનો પરીક્ષણ અહેવાલ, એફ.એસ.એલ. ફોરવર્ડીંગ પત્ર, બાયોલોજી, સીરોલોજી અહેવાલ, ડી.એફ.એસ. ફોરવર્ડીંગ પત્ર તેમજ ડી.એન.એ. પરીક્ષણ અહેવાલ, આંક–૪૯ વાળુ સ્ટેશન અધિક્ષક, વડોદ તેમજ અડાસ નાઓને ટ્રેનની માહિતી આપવા જે યાદી કરેલી તે તમામ ઓળખી બતાવેલ છે. તપાસના કામે ઉપરોકત તમામ દસ્તાવેજી પુરાવાનુ સદર સાહેદે સમર્થન કરેલ છે. વધુમાં તેઓએ તપાસના કામે

થયેલ આંક−૨૫,૨૬,૨૭ ના પંચનામા ઓળખી બતાવી સમર્થન કરેલ છે તેમજ કબજે લીધેલ મુદામાલ <u>આર્ટીકલ નં.૧,૨,૩</u> હાથમાં પહેરવાનું લોખંડનું કડુ, રૂદ્રાક્ષની માળા તથા કાળા કલરનું રબર બેન્ડ, મુદ્દામાલ <u>આર્ટીકલ નં.૪</u> વાળા છ લોખંડના સળીયા જે લોખંડના સળીયા આરોપી સલમાન તેમજ તોહિદે પોતાના રૂમ ઉપરથી કાઢી બતાવેલ તે, મુદ્દામાલ <u>આર્ટીકલ નં.૫</u> વાળો છરો જે આરોપી સલમાન તેમજ તોહિદે પોતાના રૂમ ઉપરથી કાઢી બતાવેલા તે ઓળખી બતાવેલ છે જેમાંથી આંક−૧૧૫ વાળી પંચસ્લીપ નીકળેલ તેને ઓળખી બતાવેલ છે. મુદ્દામાલ <u>આર્ટીકલ નં.૬</u> એક રાખોડી કલરની ટીશર્ટ જે આરોપી સલમાન તેમજ તોહિદે પોતાના રૂમ ઉપરથી કાઢી બતાવેલા તે ઓળખી બતાવી જેમાંથી આંક−૧૧૬ વાળી પંચસ્લીપ નીકળેલ તેને ઓળખી બતાવેલ છે. મુદ્દામાલ <u>આર્ટીકલ નં.૭</u> એક રાખોડી કલરનું જીન્સનું પેન્ટ જે આરોપી સલમાન તેમજ તોહિદે પોતાના રૂમ ઉપરથી કાઢી બતાવેલા તે ઓળખી બતાવી જેમાંથી આંક−૧૧૭ વાળી પંચસ્લીપ ઓળખી બતાવેલ છે. મુદ્દામાલ <u>આર્ટીકલ નં.૮</u> વાળો રીયલમી કંપનીનો મોબાઈલ જે મરણજનારના લાશ પરથી પી.એમ. દરમ્યાન કબ્જે કરેલ તે, મુદ્દામાલ <u>આર્ટીકલ નં.૯</u> એક બ્લ્યુ કલરની નાઈટી, મુદ્દામાલ <u>આર્ટીકલ નં.૧૦ તેમજ ૧૧</u> વાળા મોબાઈલ જે આરોપીઓની શરીરસ્થિતીના પંચનામા દરમ્યાન કબ્જે કરેલા તે, મુદ્દામાલ <u>આર્ટીકલ નં.૧૨</u> માંથી નીકળેલ બે પેનડ્રાઈવ તથા <u>આર્ટીકલ નં.૧૩</u> માંથી નીકળેલ એક પેનડ્રાઈવ જે સીસીટીવી ફુટેજ પેનડ્રાઈવમાં કબ્જે કરેલ તે વિગેરે ઓળખી બતાવી ફરીયાદપક્ષની હકીકતને સમર્થન આપેલ છે.

બચાવપક્ષ દ્વારા કરવામાં ઉલટતપાસમાં સદર સાહેદે જણાવેલ છે કે, આ ગુનાની ફરીયાદ તેઓએ લીધેલી અને ગુનો રજીસ્ટર કરેલો અને તપાસ પણ સંભાળેલી. સાહેદે સ્વીકારેલ છે કે આ કામના ફરીયાદી એ ગુજરનારના પિતા હતા અને તેઓ ગુજરાતી ભાષા લખી વાંચી શકતાં નહતા. સાહેદે સ્વીકારેલ છે કે ફરીયાદની હકીકતો ફરીયાદીને વાંચી હિન્દીમાં સમજાવેલ ત્યારે ફરીયાદી, ફરીયાદીના દિકરી અને જમાઈ પણ હાજર હતા. સાહેદે સ્વીકારેલ છે કે જ્યારે તેઓ ફરીયાદની હકીકતો હિન્દીમાં સમજાવતા હતા ત્યારે હિન્દી અને ગુજરાતી ભાષા સમજી શકે તેવી અન્ય કોઈ તટસ્થ વ્યક્તિ હાજર નહતી. સાહેદે સ્વીકારેલ છે કે આ

બનાવની ફરીયાદ તા.૧૯/૦૨/૨૦૨૪ ના રોજની છે. સાહેદે સ્વીકારેલ નથી કે ફરીયાદ મોડી આપવા બાબતે ફરીયાદીએ કોઈ ખુલાસો કર્યો નથી. સાહેદે સ્વીકારેલ છે કે ફરીયાદીએ કોઈ શકમંદ ઈસમ કે હાલના આરોપીનું નામ જાહેર કરેલ નહી. સાહેદે સ્વીકારેલ નથી કે મૃતકની લાશને જંગલી પશુઓ ખેંચીને લઈ ગયેલ હોય તેવુ તપાસ દરમ્યાન જાણવા મળેલુ. સાહેદે સ્વીકારેલ છે કે મૃતકની લાશ મળી તે જગ્યાએ સિમેન્ટના ગડર, લોખંડના એન્ગલ તથા અણીવાળા પત્થર પડેલા હતા. સાહેદે સ્વીકારેલ છે કે આરોપીઓ તથા મૃતક ઈસમ સુપરફાસ્ટ ગુજરાત એક્સપ્રેસમાં મુસાફરી કરતાં હતા તેવુ તપાસ દરમ્યાન જાણવા મળ્યુ. સાહેદે સ્વીકારેલ છે કે લાશ મળી આવેલ તે જગ્યાએ આ સુપરફાસ્ટ ગુજરાત એક્સપ્રેસ ટ્રેનનું સ્ટોપ સ્ટેશન નથી. સાહેદ એવી હકીકત જણાવી શકેલ નહી કે સુપરફાસ્ટ ગુજરાત એક્સપ્રેસ ટ્રેનની સ્પીડ બીજી ટ્રેન કરતાં વધારે હોય કે કેમ તથા કોઈ વ્યક્તિ ચાલુ ટ્રેનમાંથી નીચે પડી જાય અને લોખંડના એન્ગલ કે અણીવાળા પત્થરથી ઈજા થાય તો મૃત્યુ થવાની શક્યતા રહેલી છે કે કેમ? પરંતુ સાહેદ એવી સંભાવનાને સમર્થન આપેલ છે કે કોઈ ઈસમ નશો કરેલી હાલતમાં ટ્રેનમાંથી પડી જાય તો મોત સંભવ છે. સાહેદે સ્વીકારેલ નથી કે મૃતકની લાશની આજુબાજુ લોહીના ડાઘ જોવા મળેલા નહી. સાહેદે સ્વીકારેલ છે કે **મૃતકના પિતા ફરીયાદીએ મૃતક દારૂ અને ગાંજાના વ્યસની હોવાની હકીકત જણાવેલી.** સાહેદે સ્વીકારેલ છે કે તેઓએ ગુજરનારની સાથે કામ કરતાં અને અમદાવાદ મુકામે રહેતાં સાહેદોના નિવેદનો લીધેલા. સાહેદે સ્વીકારેલ છે કે ગુજરનાર ઈસમ તા.૩૧/૦૧/૨૦૨૪ ના રોજ નશાની હાલતમાં નોકરી કરવા કંપનીમાં ગયેલા અને કંપનીના કિંમતી માલસામાનને નુકશાન કરેલુ જેથી કંપનીમાંથી તેઓને છુટા કરી દેવામાં આવેલા. સાહેદે સ્વીકારેલ છે કે તપાસ દરમ્યાન આણંદ રેલ્વે સ્ટેશન પરથી સીસીટીવી ફુટેજ મેળવેલ જે ફુટેજ કોર્ટમાં રજુ કરેલ નથી પરંતુ મુદ્દામાલ આર્ટીકલ તરીકે તેને ચાર્જશિટ સાથે રજુ કરેલ છે. સાહેદે સ્વીકારેલ છે કે આણંદ રેલ્વે સ્ટેશનથી આશરે પાંચ થી છ કિ.મી. ના અંતરેથી મૃતકની લાશ મળેલી. સાહેદે સ્વીકારેલ છે કે મૃતક જનરલ કોચમાં મુસાફરી કરતાં હતા. સાહેદે સ્વીકારેલ છે કે તપાસ દરમ્યાન ટ્રેનના ગાર્ડનો કે ટીકીટ ચેકરના નિવેદન લીધેલ નથી કે આ ટ્રેનમાં મુસાફરી કરતાં હોય તેવા અન્ય કોઈ મુસાફરોના નિવેદનો લીધેલા નહી. સાહેદે સ્વીકારેલ છે કે અમદાવાદ

તથા વડોદરા રેલ્વે સ્ટેશનના સીસીટીવી કુટેજ મેળવવા સંબંધીત રેલ્વે ઓથોરીટીને ચાદી કરેલ પરંતુ આવી કોઈ ચાદી પુરાવાના કામે રજુ કરેલ નથી. સાહેદે સ્વીકારેલ છે કે અમદાવાદ તથા વડોદરા રેલ્વે સ્ટેશન ખાતેથી સીસીટીવી ફૂટેજ મેળવ્યા તે અંગેનું પંચનામુ પણ કરેલ નથી. સાહેદે સ્વીકારેલ છે કે સીસીટીવી કુટેજ કબ્જે કરતી વખતે પંચોને કુટેજ બતાવ્યા બાદ પંચનામુ કરી કબ્જે કરવાનું હોય છે. સાહેદે સ્વીકારેલ નથી કે આરોપીઓએ મરણજનારને કોઈ માર મારેલ નથી કે ઈજા પહોંચાડેલ નથી. સાહેદે સ્વીકારેલ નથી કે મરણજનાર નશાની હાલતમાં રેલ્વેમાં મુસાફરી કરતાં હોય પડી જવાથી તેમનું મોત નિપજેલ છે. સાહેદે સ્વીકારેલ નથી કે આ કામે રજુ કરેલા પંચનામા ખોટી રીતે તૈયાર કરી તૈયાર પંચનામામાં પંચોની સહી પોલીસ સ્ટેશનમાં બોલાવી ખોટી રીતે લીધેલ છે.

(૧૮) ફરીયાદપક્ષે **સાહેદ નં.૧૭** થી ફરિયાદી ઉદયભાણ રામકુમાર યાદવને આંક-૧૨૦ થી તપાસેલા છે, જેઓએ પોતાના મૌખિક પુરાવામાં જણાવેલ છે કે, તેઓને સંતાનમાં એક દિકરો અને બે દિકરીઓ હતી જે પૈકી દિકરો તેમજ એક નાની દિકરી ગુજરી ગચેલ. દિકરાનું નામ અમીતકુમાર હતુ. મૃતક અમિત ગુજરાતમાં અમદાવાદ ખાતે નોકરી કરવા માટે બનાવના ચાર મહિના પહેલા આવેલો હતો અને તેની સાથે ગામના છોકરાઓ પણ અમદાવાદ ખાતે રહેતાં હતા. વાસદના પોલીસ અધિકારીએ ફોન દ્વારા બનાવની જાણ કરેલી જેથી તેઓ આણંદ આવેલ અને પોલીસની સાથે હોસ્પિટલ ગચેલ જ્યાં તેઓએ તેમના દિકરાની લાશ જોઈ ઓળખી બતાવેલી. ત્યારબાદ લાશની આણંદમાં અંતિમ સંસ્કાર કર્યા બાદ પોલીસ સ્ટેશને આવેલ અને આણંદના એસ.પી. દ્વારા પી.એમ. રીપોર્ટની વિગતો પરથી લાશ પર ઈજાના નિશાન હોવાનું જણાતાં પોલીસ અધિકારીને ચોગ્ય તપાસ કરવા સુચના આપેલી. ફરીયાદીએ આંક-૬૨ વાળી ફરીયાદ ઓળખી બતાવેલ છે.

બચાવપક્ષ દ્વારા કરવામાં ઉલટતપાસમાં સદર સાહેદે જણાવેલ છે કે, સાહેદે સ્વીકારેલ છે કે તેઓ જન્મથી જ તેઓના ગામ મહોઈ, ઉત્તરપ્રદેશ ખાતે રહેતા હતા. સાહેદે સ્વીકારેલ છે કે બનાવ કેવી રીતે બન્યો તેની વિગતો પોલીસ અને ડોક્ટરશ્રીએ જણાવેલ. સાહેદે સ્વીકારેલ છે કે તેઓએ જે ફરીયાદમાં સહી કરી તે ફરીયાદ પોલીસે ગુજરાતીમાં લખેલી. સાહેદે સ્વીકારેલ છે કે બનાવ સંબંધે તેઓએ કોઈ હકીકત

પોલીસને લખાવેલ હોય તેવુ બનેલ નહી. સાહેદે સ્વીકારેલ છે કે તેઓ ફરીયાદમાં માત્ર સહી કરેલી. સાહેદે સ્વીકારેલ નથી કે તેમના દિકરાને દારૂ પીવાનો અને ગાંજો પીવાની આદત છે તેવી હકીકત ફરીયાદમાં પોલીસને લખાવેલી. સાહેદે સ્વીકારેલ છે કે તેઓના દિકરાની સાથે ધર્મેન્દ્રકુમાર ગુલાબભાઈ તથા પ્રવિણકુમાર રામખિલાવન પાસવાન નાઓ કામ કરતાં હતા. સાહેદે સ્વીકારેલ છે કે તેમના દિકરાના મોત બાબતે કોઈની ઉપર શંકા હોય અને તેનું નામ પોલીસને જણાવેલ હોય તેવુ બનેલુ નહી.

(૧૯) બચાવ પક્ષે તપાસની ખામીઓ રેકોર્ડ ઉપર રજુ કરેલાનું જણાવેલ છે. જેથી ફરિયાદપક્ષનો કેસ શંકાસ્પદ હોવાની બચાવ પક્ષે રજુઆત કરેલ છે. બચાવ પક્ષે સાહેદોની જુબાનીમાં ઉપસ્થિત થયેલ વિરોધાભાસને રેકોર્ડ ઉપર પુરવાર કરેલાનું ધ્યાને લઈને ફરીયાદપક્ષનો કેસ શંકાસ્પદ હોવાનુ જણાવેલ છે. પરંતુ પોલીસ તપાસની ખામી આરોપીઓને કેટલા અંશે મદદરુપ બને તે પ્રશ્ને લાગે વળગે છે ત્યાં સુધી નામ. સર્વોચ્ચ અદાલતે

> ***2016 0 Supreme(SC); YOGESH SINGH Vs. MAHABEER SINGH & OTHERS*** *ના ચુકાદામા ઠરાવેલ છે કે,*
>
> *(f) Criminal trial – Defective investigation – Lapses in investigation does not invalidate the proceedings – Court has to scrutinize the evidence on record de hors the defective investigation. (Para 30)*

(૨૦) ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવો અને આરોપીઓ વિરૂધ્ધ ફરમાવવામાં આવેલ તહોમતની વિગતોને લક્ષમાં રાખીને આ કામે પુરાવાનું મુલ્યાંકન કરતી વખતે નામ. ઉચ્ચ અદાલતોએ કેટલાક ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો લક્ષમાં લેવા જરૂરી છે.

(૧) The burden of proving the guilt of the accused beyond reasonable doubt is on the prosecution. The prosecution has to rely on such reliable and cogent evidences that the nexus between the accused and the crime alleged be established according to the settled position of law. Indian law is adversarial in nature and therefore the accused is charged with no burden to prove his innocence. It is deemed that the accused is innocent until proved guilty. Therefore, the prosecution

has to establish the guilt beyond reasonable doubt and if the prosecution fails to do the same, the benefit of doubt goes in the favour of the accused.

(૨) Further, it is a cardinal principle of criminal jurisprudence that prosecution has to prove its case beyond reasonable doubts by leading reliable, cogent and convincing evidence. It is a settled proposition of criminal law that in order to successfully bring home the guilt of the accused, prosecution is supposed to stand on its own legs and it cannot derive any benefits whatsoever from the weakness, if any, in the defense of the accused. Accused is entitled to the benefit of every reasonable doubt in the prosecution story and any such doubt in the prosecution case entitles the accused to acquittal.

(૩) The Hon'ble Gujarat High Court has held the ratio in it's decision delivered in case of ***LILUBHA MAHOBATSING Vs. STATE OF GUJARAT, 1991[1] G.L.R. 226*** that in criminal trial, necessity of proving the guilt of Accused beyond reasonable doubt rest on prosecution and where the result rests only on inferences or conjections, that approach which helps the Accused must be accepted and further held that when there is demarcating line between "Facts Proved" and Fact Not Proved", then benefit must go to Accused.

(૪) નામદાર ગુજરાત હાઈકોર્ટના **કાળુભાઈ દાણાભાઈ પટેલ વિ. સ્ટેટ ઓફ ગુજરાત**માં એવું ઠરાવેલ છે કે, સાક્ષીની વિશ્વસનીયતા અંગે કોઈ નિયમો કે કાર્યવાહીથી નિયંત્રીત થતી નથી, પરંતુ તેના સમગ્ર પુરાવાને ધ્યાનમાં રાખીને તેનો નિર્ણય કરવાનો રહે છે. ઘણા બધા પરીબળો જેવા કે, અદાલત સમક્ષ તેની ઉભી કરેલી છાપ, તેના નિવેદનો, પક્ષકારો વચ્ચે દુશ્મનાવટ વિગેરે બાબતો ધ્યાને લઈ પુરાવાઓનું મુલ્યાંકન કરવાનું રહે છે. સદર કેસમાં પુરાવાઓનું મુલ્યાંકન કરતાં આરોપી વિરૂધ્ધનો કેસ સંપુર્ણપણે સાબીત થઈ શકેલ નથી અને આરોપીએ ગુનો કર્યા અંગે શંકા ઉત્પન્ન થાય છે. જેથી ફરીયાદપક્ષના આક્ષેપીત ગુન્હાઓ આરોપી વિરૂધ્ધ નિઃશંકપણે સંપુર્ણ પુરવાર થતાં નહી હોવાનું આ અદાલતના રેકર્ડ ઉપર આવેલું છે.

(૫) The Hon'ble Andhra Pradesh High Court has held the ratio in it's decision delivered in case of ***JANNU PRASAD Vs. STATE OF ANDHRA PRADESH, 2005(2) ACUITTAL 364 (A.P.)*** that Section 106 of Indian Evidence Act, 1872, not intended relieve the prosecution of it's burden to prove the guilt of Accused and it would apply to cases where the prosecution has succeeded in proving facts from which a reasonable inference can be drawn regarding offence. The Hon'ble Supreme Court of India has held the ratio in it's decision delivered in case of ***Dr. S. L. GOSWAMI Vs. STATE OF M.P., AIR 1972 SC 716*** that the onus of proving all the ingredients of an offence is always upon the prosecution and at no stage does it shift to the Accused. It is no part of the prosecution duty to somehow hook the crook. Even in cases where the defense of the Accused does not appear to be credible or is palpably false that burden does not become any the less. It is only when this burden is discharged that it will be for the Accused to explain or contravene the essential elements in the prosecution case which would negative it and even if the onus shifts upon the Accused and the Accused has to establish his plea, the standard of proof is not the same as that which rests upon the prosecution and where the onus shifts to the Accused and the evidence on his behalf probabilities the plea he will be entitled to the benefit of reasonable doubt.

(૨૧) ઉપરોક્ત ચુકાદાઓમાં પ્રસ્થાપિત થયેલા સિધ્ધાંતો નજર સમક્ષ રાખીને ફરીયાદપક્ષે રજુ કરેલ લેખિત મૌખિક પુરાવાની ચર્ચા અને અવલોકનો મુજબનો તમામ પુરાવો વંચાણે લેતા આ કામે તપાસવામાં આવેલ તમામ પંચ સાહેદોને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. ફરિયાદપક્ષના કથન મુજબ બનાવના દિવસે આ કામના આરોપીઓ તથા મરણજનાર અમિતકુમાર રામકુમાર યાદવ અમદાવાદ થી મુંબઈ તરફ જતી ટ્રેનના જનરલ કોચમાં મુસાફરી કરી રહ્યા હતા. આ દરમિયાન કોચના દરવાજા પાસે બેસવા બાબતે આરોપીઓ અને મરણ જનાર સાહેદ અમિતકુમાર રામકુમાર યાદવ વચ્ચે બોલાચાલી થયેલ અને ઝઘડો થયેલ. આ દરમિયાન આરોપીઓએ પોતાના હાથમાંના સળિયા

અમિતકુમારની પીઠમાં ઘોંપી દઈ અને આરોપી શોએબ સૌકત અલી શેખ નાએ લોખંડનો છરો અમિતકુમારને માથાના ભાગે મારી જીવલેણ ઈજા કરી પુરાવાનો નાશ કરવા માટે અમિતકુમાર યાદવને ચાલુ ટ્રેને નીચે ફેંકી દેતા તેનું મોત નીપજાવેલ હતું. ફરિયાદપક્ષે રજૂ કરેલા પુરાવાથી ઉપરોક્ત હકીકત નિ:શંકપણે પુરવાર થઈ શકેલ નથી. આ કામે તપાસવામાં આવેલા મેડિકલ ઓફિસરશ્રીની જુબાની જોતાં ગુજરનાર સાહેદને માથાના ભાગે તથા શરીરના પડખાના ભાગે અને સમગ્ર શરીરે નાની મોટી ઈજાઓ હતી અને તેનો મૃતદેહ બે ટુકડામાં મળેલ હતો. આ ઉપરાંત ગુજરનારના શરીરે થયેલી ઈજા ધારવાળા લોખંડના સળિયા અને છરા જેવા હથિયારથી થઈ શકે તે પ્રકારની હતી તેવી હકીકતો લાશનું પોસ્ટમોર્ટમ કરનાર મેડિકલ ઓફિસરશ્રીએ પોતાની જુબાનીમાં જણાવેલ છે. ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે પોસ્ટમોર્ટમમાં જણાવ્યા મુજબની ઈજાઓ જંગલી પ્રાણી કે કુતરા, ભૂંડ દ્વારા કે ગીધ્ધ જેવા પક્ષી દ્વારા કરડવામાં આવે કે ચાંચ મારવામાં આવે તો થઈ શકે તેવી ઈજા હતી. આ ઉપરાંત એવી હકીકત પણ સ્વીકારેલ છે કે મૃત્યુ થવાનું ચોક્કસ કારણ પી.એમ. રિપોર્ટમાં દર્શાવેલ નથી. ગુજરનારની લાશ બે ટુકડામાં મળેલ હતી અને શબનું માથું અને ધડ અલગ હતું તેવી હકીકતો મેડિકલ ઓફિસરશ્રીએ જણાવેલ છે.

(૨૨) આ કામે ફરીયાદપક્ષે ફરિયાદીને આંક–૧૨૦ થી તપાસેલ છે. તેઓએ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં તેમના દીકરા અમિતકુમારની લાશ મળેલ હોવા બાબતે તેમને જાણ થતા તેઓ આણંદ મુકામે આવેલા અને પોલીસની સાથે હોસ્પિટલમાં ગયેલા અને ત્યાંથી પોતાના દીકરાની લાશ મેળવીને તેના અંતિમ સંસ્કાર કરેલા અને ત્યારબાદ તેમણે અજાણ્યા આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ આપેલ તેવી હકીકત જણાવેલ. ઉલટ તપાસમાં તેમણે સ્વીકારેલ છે કે ફરિયાદમાં તેમણે માત્ર સહી કરેલી અને બનાવ સંબંધી કોઈ હકીકત પોલીસને લખાવેલ હોય તેવું બનેલ નથી. આ ઉપરાંત તેમના દીકરાની સાથે ધર્મેન્દ્રકુમાર ગુલાબભાઈ અને પ્રવિણકુમાર પાસવાન નાઓ કામ કરતા હતા તેવી હકીકતો પણ જણાવેલ છે. તેઓને તેમના દીકરાના મોત બાબતે કોઈની ઉપર શંકા હોય અને પોલીસને તેનું નામ જણાવેલ હોય તેવું પણ બનેલ ન હોવાનું જણાવેલ છે. આમ, ફરિયાદીની જુબાનીથી પણ ફરિયાદની હકીકતો

પુરવાર થતી નથી અને આરોપીઓને આ ગુનાના કામે સાંકળી શકાતા નથી.

(૨૩) ફરિયાદ પક્ષે હથિયાર રિકવરી કરવાના પંચનામાંના પંચ સાહેદોને તપાસેલ છે. આ ઉપરાંત આરોપીઓના કપડા, શરીર સ્થિતિ, સીસીટીવી ફૂટેજ વગેરે કબજે કરવાના પંચનામાના પંચ સાહેદોને તપાસેલ છે પરંતુ તમામ સાહેદોને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. જેથી પંચનામાની વિગતો નિ:શંકપણે પુરવાર થયેલ નથી અને તે પંચનામાની કાર્યવાહી સદરહું ગુનાની તપાસ દરમિયાન પોલીસે તટસ્થ રીતે કરેલ હોય તેવી હકીકત પુરવાર થતી ન હોવાથી રિકવર કરેલ સીસીટીવી ફૂટેજ કે હથિયાર રિકવરીનું પંચનામું ફરિયાદપક્ષ દ્વારા પુરવાર કરી શકેલ નથી. આ કામે આંક ૫૩, ૫૫, ૫૬, ૫૭ તથા ૫૯ થી તપાસેલ સ્વતંત્ર સાહેદો દ્વારા પણ ફરિયાદની હકીકતોને સમર્થન મળેલ નથી. ફરિયાદપક્ષની થિયરી મુજબ આ સાહેદો બનાવ વખતે ફરિયાદવાળી ટ્રેનમાં મુસાફરી કરી રહ્યા હતા અને તેઓ બનાવવાળા પ્રસંગથી માહિતગાર હતા. પરંતુ આ સાહેદોએ ફરિયાદની હકીકતોથી વિરુદ્ધની હકીકતો જણાવેલ છે અને પ્રોસિક્યુશન દ્વારા તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે.

(૨૪) તપાસ કરનાર અધિકારીએ આંક–૬૧ થી પોતાની સોગંધ ઉપરની જુબાની રજૂ કરેલ છે જેમાં અસંખ્ય દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવેલ છે પરંતુ આ દસ્તાવેજો સાથે આરોપીઓને કેવી રીતે સાંકળવામાં આવેલ છે તે તપાસ કરનાર અધિકારી સ્પષ્ટ કરી શકેલ નથી. ગુનાવાળી જગ્યાના પંચનામાં તથા લાશ મળી આવેલ તે જગ્યાનું પંચનામું અને તે સિવાયના અન્ય પંચનામાં બાબતે બચાવપક્ષે વિશેષ કોઈ તકરાર લીધેલ નથી પરંતુ તે પંચનામાને આધારે હાલના આરોપીઓને આ ગુનાના કામે સાંકળી શકાય તેવી કોઈ શક્યતા અને સંભાવના ફરિયાદપક્ષ રેકોર્ડ પર લાવી શકેલ નથી. ઉલ્લેખનીય છે કે જે સીસીટીવી ફૂટેજ ઉપર આધાર રાખીને આરોપીઓને આ ગુનાના કામે સંડોવવામાં આવેલ છે તે સીસીટીવી ફૂટેજ મેળવવા તપાસ કરનાર અધિકારીએ રેલવે ઓથોરિટીને કોઈ યાદી કરેલ હોય અને આવી કોઈ સીસીટીવી ફુટેજ કોઈ પંચનામું કરીને કબજે કરવામાં આવેલ હોય તેવી હકીકતો દસ્તાવેજી પુરાવાથી સમર્થિત થતી નથી. જેથી પુરાવા અધિનિયમની જોગવાઈઓ અનુસાર તપાસ કરનાર અધિકારીએ સદર પુરાવા મેળવેલ છે તેની ઔપચારિકતા યોગ્ય રીતે અનુસરવામાં આવેલ

ન હોવાથી પુરાવા અધિનિયમની જોગવાઈઓ લક્ષમાં લેતા સદર પુરાવા નિ:શંકપણે પુરવાર થયેલ છે તેવું માની શકાય નહીં. ફરિયાદ મુજબનો બનાવ બન્યા બાદ ઘણા દિવસો પછી બિનવારસી લાશ બે ટુકડામાં મળી આવેલ અને આ લાશને કુતરા ભૂંડ વિગેરે જેવા પ્રાણીઓએ કરડી ખાધેલ હાલતમાં મળી આવેલ. જેથી આ બાબતે ફરિયાદ પણ મોડી દાખલ કરવામાં આવેલ છે. મળી આવેલ લાશ સંપૂર્ણ રીતે વિક્ષેપિત થયેલી હતી અને ઓળખી શકાય તેમ ન હતી. લાશ મળી આવતા રેલવે ખાતાના અમલદારે તે બાબતની જાહેરાત પોલીસ રૂબરૂ કરેલ જેના આધારે પોલીસે લાશનું પોસ્ટમોર્ટમ કરાવેલ અને લાશની ઓળખ થતા તેના પિતાને જાણ કરેલ. જેથી ગુજરનારના પિતાએ ફરીયાદ આપેલી. જે ફરિયાદની તપાસ દરમિયાન તપાસ કરનાર અમલદારે હાલના આરોપીઓ સુધી કેવી રીતે પહોંચેલ છે તે બાબતનો નિર્દેશ કરતો કોઈ જ સ્પષ્ટ પુરાવો ફરિયાદપક્ષ રજૂ કરી શકે નથી. જે સ્વતંત્ર સાહેદને તપાસવામાં આવેલ છે તે સાહેદો પણ ફરી ગયેલા જાહેર થયેલ છે. આમ, ફરિયાદપક્ષ પોતાના સાહેદોથી જ પાયા વિહોણો બનેલ છે. જેથી તેવા પુરાવા ઉપર આધાર રાખી આરોપી અને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. જેથી આ કામના મરણજનાર સાહેદ અને હાલના આરોપીઓ એક જ ટ્રેનમાં મુસાફરી કરતા હોય અને કોચના દરવાજા પાસે બેસવા બાબતે કોઈ ઝઘડો થયેલો હોય તેવી હકીકતને કોઈ સ્વતંત્ર સાહેદની જુબાનીથી સમર્થન મળ્યું નથી. આ ઉપરાંત આ કામના આરોપીઓએ પોતાની પાસે રહેલા ધારદાર લોખંડના સળિયા કે છરા વડે ગુજરનારને ઈજા કરેલ હોય અને ચાલુ ટ્રેનમાંથી નીચે ફેંકી દીધેલ હોય તેવી હકીકતો પણ નિ:શંકપણે પુરવાર થયેલ નથી. આ સંજોગોમાં ઊભી થતી શંકાનો સીધો લાભ આરોપીઓને મળવા પાત્ર રહે છે. જેથી આરોપીઓ વિરુદ્ધ આક્ષેપાયેલ તહોમત મુજબ ઈપીકો કલમ ૩૦૨,૨૦૧,૧૧૪ મુજબના આવશ્યક તત્વો પુરવાર થતાં ન હોવાથી **મુદ્દા નં.૧** નો ઉત્તર **નકારમાં** ઠરાવીને **મુદ્દા નં.૨** નો જવાબ નીચે મુજબ આપવામાં આવે છે.

## :: આખરી હુ ક મ ::

(૧) ફોજદારી કાર્યરીતી અધિનીયમ-૧૯૭૩ ની કલમ ૨૩૫(૧) મુજબ આ કામના આરોપી નં.(૧) **શોએબ ઉર્ફે સલમાન યુનુશ સૌકતઅલી શેખ(સીદ્દીકી), ઉ.વ.૨૦,** મુળ રહે. ઘર નં.૧૭૮, રટૌલ-

૪, પોસ્ટ ભગોટ, તા.ભારૂત, જી.બાગપત, ઉત્તરપ્રદેશ, હાલ રહે- ઘર નં.૬૭, રોશનનગર, નવા યાર્ડ, ફતેગંજ, વડોદરા તથા આરોપી નં.(૨) **તોહીદ મોહમંદ નવાબુદ્દીન અંસારી, ઉ.વ.૨૧,** મુળ રહે. દક્ષીણ ઈસ્લામાબાદ, લક્ષ્મણવાલી ગલી, ઘર નં.૫૭૭, પોસ્ટ ગોસાઈપુર, તા.જી.મેરઠ થાના, નીશાળી ગેટ, ઉત્તરપ્રદેશ, હાલ રહે- ઘર નં.૬૭, રોશનનગર, નવા યાર્ડ, ફતેગંજ, વડોદરા નાઓને વાસદ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૧૧૨૧૫૦૩૮૨૪૦૦૯૪/૨૦૨૪ થી નોંધાયેલ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૨,૨૦૧,૧૧૪ મુજબનો ગુનો નાસાબિત માની ગુનામાંથી <u>શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી</u> છોડી મુકવામાં આવે છે.

(૨) આ કામે કબ્જે લેવામાં આવેલ મુદ્દામાલ પૈકી વચગાળાનો કોઈ હુકમ થયેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે. તે સિવાયનો મુદ્દામાલ અપીલ સમય બાદ, જો અપીલ થયેલ ન હોય તો, નિયમો અનુસાર મુદ્દામાલનો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) પ્રત્યેક આરોપીઓએ ફોજદારી કાર્યરીતી અધિનીયમ-૧૯૭૩ કલમ ૪૩૭(એ) મુજબ અપીલ સમય દરમ્યાનના **રૂ.૨૦,૦૦૦/- (અંકે રૂપીયા વીસ હજાર પુરા)** ના જામીન અને તેટલી જ રકમના સધ્ધર જાત મુચરકા અત્રેની કોર્ટમાં રજુ કરવા આથી હુકમ કરવામાં આવે છે.

સદર હુકમ આજ તારીખ **૨૨મી** માહે **મે** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરેલ છે.

તારીખ : ૨૨/૦૫/૨૦૨૬
સ્થળ : આણંદ

**(રાહુલ વસંતલાલ ચાવડા) જીજે૦૧૦૧૯**
ચોથા એડીશ્નલ સેશન્સ જજ
આણંદ

A.M.Parmar
Bench Clerk-III